# અધ્યાત્મ



વર્ષ : ૧૪ એપ્રિલ--૧૯૯૩ અંક : ૭

## * સાચો અભિનય *

આ જીવનના મહાન નાટકમાં આપણે સૌ અભિનેતા છીએ. દરેકને ભાગે જુદોજુદો પાઠ નક્કી કરવામાં આવ્યો છે. દરેકને ભાગે જે જે જાતનો અભિનય નક્કી થયો છે તે આપણે લગીર પણ બડબડાટ કે ક્લેશ વિના પૂરો કરવાનો છે ને તે પૂરો થતાં આ જીવનના રંગમંચ પરથી વિદાય થવાનું છે. નાટકનો અભિનેતા સારી પેઠે સમજે છે કે પોતે જે પાઠ ભજવી રહ્યો છે કે જેનો અભિનય કરી રહ્યો છે તે રામ કે કૃષ્ણનો પાઠ તો અભિનય પૂરતો જ ને પ્રાસંગિક છે : પોતે કાંઈ ખરેખર રામ કે કૃષ્ણ નથી : તે રામ ને કૃષ્ણની જેમ હસે છે, રડે છે, ને નાટકની રાધા કે સીતાના રાગ ને વિરાગમાં તેમ જ વિરહ કે મિલનના શોક કે આનંદમાં પણ ડૂબે છે. પરંતુ આ બધા જ અભિનય કરતાં તે પોતાને તેમ જ પોતાના ઘરની સાચી સીતા કે રાધા જેવી સ્ત્રીને ભૂલતો નથી. નાટકમાં કાંઈ ખોવાય કે મળે તે ખરેખર ખોવાયું કે મળ્યું માની દુખી થતો કે હરખાતો નથી. તેવી જ રીતે આ જીવનનો અભિનય કરતાં, જીવનના વિવિધરંગી નાટકમાં અનેક પ્રકારના પાઠ ભજવતાં, માણસે પોતાના મૂળ સ્વરૂપ ઈશ્વરને ને પોતાના અસલ વતનને સદાય યાદ રાખવાનાં છે, ને જીવનના નાટકના પડદા પરની સ્ત્રી, સંપત્તિ કે પડદા પરના પાઠ ને પરિવારમાં મોહિત થવાનું નથી. આનું નામ જાગૃતિ, વિવેક ને સાચો અભિનય.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

¤ **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
¤ **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
¤ **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
¤ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
¤ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
¤ **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

¤ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
¤ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

¤ **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
¤ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
¤ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલકમાં હશે તો જરૂર મોકલી આપશે.
¤ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
¤ 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
¤ દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| કબીર–સુધા | ઈશ્વરભાઈ પ્ર. ભક્ત (પરમાર્થી) | ૧૧ |
| અમૃતપળોનો આસ્વાદ–૬ | ગોરધનભાઈ કલોલા | ૧૮ |
| અદ્‌ભુત કૃપા | નારાયણ હ. જાની | ૩૦ |
| શબરી ઘરે રામ પધાર્યાં | શ્રી જયંતી પટેલ | ૩૬ |
| પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની નવમી પુણ્યતિથિ | — | ૪૫ |
| ન તંત કે અંત | ડો. રણજિત પટેલ (અનામી) | ૪૮ |
| બધું સારું જ લાગે છે | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૪૯ |
| શ્રી મા શારદાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૦ |
| પત્રોની પરબ હિમાલયના હિમશિખરેથી | શ્રી સુરેશભાઈ શાહ | ૫૯ |
| ભક્તિની મહત્તા | વિઠ્ઠલભાઈ મકવાણા (રસાબ્ધિ) | ૬૪ |


## * આભારી છીએ *


'અધ્યાત્મ' માસિક એ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અદ્‌ભુત જીવનલીલા–ઉપવનનું એક અનેરું સુગંધી પુષ્પ છે, જેમાં પૂ. મા શ્રી સર્વેશ્વરી કોઈક અને કોઈકને નિમિત્ત બનાવી પમરાટ અને તાજગી પૂરતાં રહે છે. લગભગ એક વર્ષ કેનેડાના સાધક ભાઈબહેનોને એવા નિમિત્તનું સદ્‌ભાગ્ય સાંપડયું, તો હવે અમેરિકામાં વસતાં મા–પ્રભુના ભક્તો દ્વારા એ સત્કર્મ થઈ રહ્યું છે. એ રીતે એપ્રિલ ૯૩ ના અંકનો પ્રકાશન ખર્ચ અમેરિકાનાં ભાવિક ભાઈબહેનો આપી રહ્યાં છે, તે બદલ તેઓ સૌ અભિનંદનનાં અધિકારી છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ એપ્રિલ–૧૯૯૩ અંક : ૭


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૦–૨–૮૧, મંગળવાર, મહા સુદ છઠ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

સવારે નિયમ પ્રમાણે કાર્ય પૂર્ણ થતાં પૂ. શ્રી સાડા અગિયારે બહાર આવે છે. આજે ગુજરાતમાં ચાલી રહેલા અનામત વિરોધી આંદોલનને ટેકો આપવા 'મોરબી બંધ' છે, જેથી મુલાકાતીઓ વધુ છે. બહાર સૌ બેઠક લે છે, પ્રશ્નો શરૂ થાય છે.

**પ્રશ્ન :** મહાપ્રભુના જન્મદિવસે લોકો પાકું ભોજન શા માટે લે છે?

**પૂ. શ્રી :** મહાપુરુષનો જન્મ ઉત્સવ તરીકે ઉજવાય તેથી લોકો ભોજન લેતા હશે.

**પ્રશ્ન :** માસિક ધર્મમાં આચાર પાળવા અંગે તમારો શો અભિપ્રાય?



**પૂ. શ્રી :** પાળવું હોય તો પાળો. બહારથી ભોજન મંગાવો. ખીચડી બનાવો–સર્વ રોગહારિણી, સર્વસંતાપ તારિણી એવી બનાવતાં આવડે તો બનાવો. આત્મા ડંખે તો પાળો, વળગી રહો તો બરાબર વળગી રહો. આરોગ્યની દૃષ્ટિએ એ બરાબર છે.

**પ્રશ્ન :** ભગવાનમાં વિશ્વાસ ન હોય પણ ગુરુને જ ઈશ્વર માને તો સાધના ફળે ખરી?

**પૂ. શ્રી :** એ સાધના થઇ શકે. ગુરુને પરમાત્માનું રૂપ માનીને ભજી શકાય. ગુરુમાં દૃઢ નિષ્ઠા રાખો. મહર્ષિ પતંજલિએ પણ કહ્યું, "ધ્યાન કરી શકાય તો ગુરુનું પણ કરી શકો. એમાં ભગવદ્ભાવ રાખો.

તુલસીદાસે કહ્યું :–

"વંદઉ ગુરુપદકંજ, કૃપાસિંધુ નરરૂપહરિ,
મહામોહ તમ પૂંજ જાસુ નીકર રવિકર નિકર.

શ્રદ્ધા રાખો તો જ કંઇક મળશે. પૂર્વગ્રહથી પીડાઇને આપણે ગુરુ પાસે જઇએ તો કંઇ ન મળે. મારા ગુરુ ગમે તે કપડાં, બૂટ પહેરે પણ તે ભજન કરે છે, તે જુઓ. ગુરુના વકીલ થાઓ. ગુરુના હાથમાં ચલમ જુઓ તો માનો કે : "સમરથ કો નહીં દોષ ગુંસાઇ"–આપણને તો ચલમ પીવાનું કહેતા નથી ને? કદાચ ચલમને દૂધમાં ફેરવવાની શક્તિ હશે એમ માનો. ઘણા ગુરુ કરે. તે ફોટો પ્રભાવશાળી લાગે તો જ તેને ગુરુ કરે. ઘણાં ફોટા જોઇને ગુરુ કરે.

તમારા ગુરુની નાની નાની વાતોમાં શ્રદ્ધા ન ગુમાવો. અડગ શ્રદ્ધા રાખો તો કલ્યાણ થશે. ગુરુમાં શક્તિ ન હોય તો ઈશ્વર તમારું રક્ષણ કરશે.

ગુરુને કોટ પહેરેલા જુઓ, ગુરુને પગમાં વાગે, ગુરુનું માથુ દુઃખે, ગુરુએ પાંચ લાડુ ખાધા—આ બધી વાતોથી શ્રદ્ધા ડગવી ન જોઇએ.

પ્રશ્નોત્તરી પૂર્ણ થઇ.

ગઇકાલે નારદભક્તિસૂત્રના પ્રથમ અધ્યાયના ૭, ૮ થી ૧૪ સૂત્રોની સમજણ પૂ. શ્રીના શ્રીમુખે સાંભળી, જે સમજી શકાઇ. તે નીચે મુજબ હતી :

૭. ભક્તિ એ કામનાનો વિષય નથી. ભક્તિથી કામવાસના શાંત થાય છે.

૮. ભક્તિથી મન શાંત થાય છે. સમાજની અને શાસ્ત્રની જે પ્રવૃત્તિ છે તેનો ત્યાગ થાય છે.

૯. ભગવાનમાં અનન્ય ભક્તિ થાય અને નાસ્તિક વાતોમાં ભક્ત રસ લેતો નથી.

૧૦. સંસારના અન્ય આશ્રયોનો ત્યાગ કરીને ભગવાનનો જ આશ્રય સ્વીકારે.

૧૧. ભગવાનનો આશ્રય રહે છતાં સમાજ અને શાસ્ત્રને અનુકૂળ આચરણ કરે. શાસ્ત્ર ને સમાજ વિરોધી વાતોમાં નીરસ બને.

૧૨. ભક્તનો નિશ્ચય દૃઢ થાય તો પણ શાસ્ત્ર પ્રમાણે જ વર્તન કરે.

૧૩. શાસ્ત્ર વિરુદ્ધ આચરણ કરે તો પતનનો ડર રહે છે. (શંકા રહે છે.)

૧૪. સમાજ ને શાસ્ત્રને અનુરૂપ કાર્યો કરવાં. પરંતુ ભોજન વગેરે શરીરધારણનાં પોતાનાં કર્મો છે તે તો નિયમાત કરવાં જ.



નારદભક્તિસૂત્રની સમજ પૂ. શ્રી પાસેથી લેવામાં આનંદ આવે છે. આજે પ્રશ્નોત્તરી બાદ વાર્તાલાપ પૂર્ણ થયો. ત્યારબાદ ભોજન, આરામ, લેખન, પ્રવચન, આરામ.

આજે તા. ૧૦ મીએ પ્રવચનો પૂરાં થયાં. પરંતુ પાંચ દિવસ વધારે લાભ મળે તેથી પૂ. શ્રીનાં તા. ૧૫ સુધી પ્રવચનો ચાલુ રહેશે.

**તા. ૧૧-૨-૮૧, બુધવાર, મહા સુદ સાતમ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

પૂ. શ્રી દિવસમાં ઘણીવાર માતાજીનું સ્મરણ કરે છે અને એ સ્મરણની સંવેદનશીલ પળોમાંથી માતાજી માટે દરરોજ લગભગ એક નવું ગીત લખે છે, જેમાં માતાજીનો પ્રેમભાવ, સેવા, વિદાયની વાતો વણી લેવામાં આવી છે.

બરાબર સાડા અગિયારે પૂ. શ્રી મુલાકાત આપે છે. મુલાકાતમાં સરસ પ્રશ્નોત્તરી થાય છે.

**પ્રશ્ન** : જપ ઘણા કરું છું, પણ મન સ્થિર રહેતું નથી, શું કરું?

**પૂ. શ્રી** : જપ ધીમેથી કરો. આંખ ખુલ્લી રાખીને ઇષ્ટદેવના ફોટાને જોતાં જોતાં કરો. હાલતાં ચાલતાં કરવાની ટેવ રાખો. મન નવરું પડે ત્યારે ત્યારે જપમાં જોડો. તો પણ ચિત્ત ન ચોંટે તો ચિંતા ના કરશો. એકાગ્રતા હોય કે ન હોય તો પણ ચિંતા ન કરો. જેટલો સમય મળે તેટલો સમય મનને જપમાં જોડો.

**પ્રશ્ન** : અમુક દેવોની વધારે ને અમુક દેવોની ઓછી પ્રદક્ષિણા કરવી એવું છે?

**પૂ. શ્રી :** બિચારા દેવોને એવું નથી. ફૂલ, પ્રસાદ, પ્રદક્ષિણા ભક્તો કરે. શંકરના મંદિરમાં અર્ધી પ્રદક્ષિણામાં પણ લોકમર્યાદા હોય છે. મહાપુરુષની ચીજ, પાદુકા, આસનને પગથી સ્પર્શ ન થાય, તેને વાપરી ન શકાય.

**પ્રશ્ન :** તમને મોરબી ખૂબ ગમે છે. તો પછી–

**પૂ. શ્રી :** (વચ્ચેથી જ પ્રશ્નને અટકાવી દેતાં) જુઓ, મહાત્માને કોઈના ઉપર ખાસ પ્રેમ હોતો નથી. હવે થોડા જ દિવસોમાં સલામ ભરીશું. કોઈના ઉપર વિશેષ પ્રેમભાવ હોય તે મહાત્મા ના કહેવાય. મને તો સૌ ઉપર પ્રેમ અને સૌમાં "નાહિ" જેવું છે. મહાત્માને સૌ ઉપર પવિત્ર ને નિઃસ્વાર્થ પ્રેમ હોય છે.

**પ્રશ્ન :** મોરબીમાં જે તમારા ભક્તો છે તે રામકૃષ્ણદેવ સાથે જોડાયેલા હશે?

**પૂ. શ્રી :** રામકૃષ્ણદેવ કોની સાથે જોડાયેલા?

**પૂછનાર :** જગદંબા સાથે જોડાયેલા.

**પૂ. શ્રી :** તો પછી જે જે રામકૃષ્ણદેવને માને તે તે જગદંબા–પ્રભુ સાથે પણ જોડાયેલા.

પ્રશ્ન પૂછનારની ભાવના એવી હતી કે પૂર્વજન્મ સાથે સંકળાયેલા મોરબીમાં પણ હશે જ, તો તે પૈકી કોણ કોણ છે?–પરંતુ પૂ. શ્રી ખૂબ જાગૃત બનીને જવાબ આપવામાં કુશળ છે. એટલે આખીયે વાતને નવો વળાંક આપી દીધો.

કોઈપણ અન્ય મહાત્મા હોય તો કહી દે–હા બેટા, તું મારી સાથે જ જોડાયેલો છે. અને એમ કહી ભાવિકને ભરમાવનારી જ રીત અપનાવે, પરંતુ આ તો સર્વશ્રેષ્ઠ મહાપુરુષ છે ને ખૂબ જાગૃત અને સતત જાગૃત છે આ તો.



પ્રશ્નોત્તરી બાદ સૌ વિદાય થયા. ભોજન બાદ થોડીવાર બેઠા. શ્રીહરિ સાથે વિગતવાર વાતો થઈ, જેમાં થોડી અયોગ્ય સૂચનાઓ હતી. જે અંગે પૂ. શ્રીએ મીઠી ટકોર કરી. પૂ. શ્રીની વાત સત્ય હતી.

સાધક ને પ્રેમી ભાઈ–બેનો સાથે વધુ પડતો મળતાવડો સ્વભાવ જ મારે માટે બાધક હશે. એ વાત સાચી હશે. અતિ મિલનસાર સ્વભાવને લીધે સાધકો સાધારણ વાત કરવા માંડે છે. એ પૂ. શ્રીને અયોગ્ય લાગ્યું. પોતાની સાથે રહેનારને કોઈ અયોગ્ય વાતો કહે તે પૂ. શ્રીનું પવિત્ર પ્રેમાળ હૈયું સહન ન કરી શકે. તો એ જાણ્યા પછી જરૂરી જ વાતો બાકીના સમયે મૌન રાખવું જ યોગ્ય છે. તો કોઈ પ્રશ્નો ઉભા ન થાય.

ભોજનબાદ આરામ. સાંજે થોડું લેખનકાર્ય બાદ પૂ. શ્રી પોતાની સાંજની પ્રાર્થના નિયમિત રીતે પૂરી કરે છે. બરાબર પોણા છ થયા એટલે દ્વાર ઉઘડયાં ત્યાં તો રાજકોટથી રાષ્ટ્રીય શાળાના શ્રી પુરુષોત્તમભાઈ ગાંધી તથા શાંતિભાઈ કનેરિયા (કનેરિયા એન્જી. વર્કસવાળા) સપરિવાર આવે છે. પૂ. શ્રી શ્રીગાંધીને બે વરસે મળે છે, જેથી બધી વાતો વિગતવાર થાય છે, જેમાં પોતાની માંદગી, પૂ. માતાજીની માંદગી, શ્રી સર્વેશ્વરીની સેવા, રાજીનામું વગેરે વાતો કરે છે.

આજે પ્રવચનમાં જતાં મોડું થયું. દરરોજની જેમ ફૂલહારથી અમારા બંનેનું સ્વાગત થયું. પ્રવચન શરૂ થયું. પ્રભુ કૃપા કરે તો સદ્‌બુદ્ધિનું દાન આપે–એ આખાયે પ્રવચનનો સારાંશ હતો.

પ્રવચનબાદ ફરી ઉતારાના સ્થળે દરરોજની જેમ એક પ્રેમી ભાઈની ગાડીમાં આવી ગયાં. શ્રી પુરુષોત્તમભાઈ ગાંધી પણ પૂ.

શ્રીની સાથે જ હતા. ઉતારા પર આવી માતાજીના અંતિમ ઉદ્‌ગારો અને માતાજીના છેવટના ફોટાઓ પૂ. શ્રીએ બતાવી વાતો કરી. તેઓ પૂ. શ્રીને રાજકોટ–રાષ્ટ્રીય શાળામાં પ્રવચન માટે આમંત્રણ આપવા આવ્યા હતા. તેઓ શાંતિભાઇના પરિવાર સાથે વિદાય થયા. બાદ અમે બાજરીનો રોટલો ને દૂધ ભોજનમાં લીધું. આજકાલ સાંજે સૌરાષ્ટ્રનો પ્રિય ખોરાક અમને પણ પ્રિય થયો હોય એમ લાગે છે. ભોજન બાદ પૂ. શ્રી આરામ કરે છે.

રાત્રે પણ પૂ. શ્રી નિયમિત રીતે ૧૨ થી ૩ ઉઠીને જપ કરે છે. માતાજીની વિદાય પછી પૂ. શ્રીએ ૧૦૦ માળાનો નિયમ લીધો છે, તેમાંથી ૭૦ માળા રાત્રે જ કરી લે છે. પૂ. શ્રીની રૂમમાં જ સર્વેશ્વરીની પથારી હોય છે. એટલે પૂ. શ્રી જ્યારે જ્યારે જપ માટે જાગે ત્યારે ત્યારે તેઓ સર્વેશ્વરીને પણ ઉઠાડે છે. સર્વેશ્વરીનું શરીર ઘણીવાર અસ્વસ્થ હોય તો ઉઠી શકતા નથી. તો પૂ. શ્રી ઠપકો ન આપતાં પ્રેમથી નાના બાળકની જેમ સમજાવે અથવા શાંતિથી કહે. એ રીતે સંપૂર્ણ સમજ આપે છે. હરિઃ ૐ

( ક્રમશઃ )

## સુવાક્ય

આપણા સંબંધમાં જે કોઇ આવે તેની આત્મીયભાવે બને તે સેવા કરો પણ મનમાં પાકું સમજો કે આપણું કાયમ માટે કોઇ નથી, આપણે પોતે જ બધાની અપેક્ષા સંતોષી શકતા નથી તો બધા આપણી અપેક્ષા મુજબ કરે તેવી આશા કેમ રાખી શકાય?



# કબીર–સુધા

ઈશ્વરભાઇ ભક્ત

તનથિર, મનથિર, વચનથિર, સુરત–નિરતથિર હોય,
કહે કબીર ઇસ પલક કો કલપ ન પાવે કોય!

આ સાખીનો દેખીતો શબ્દાર્થ, સાધકવર્ગને ઘડીભર તો નિરાશ કરી દેનારો જણાશે. કારણ કે એમાં નિરાશાજનક વાત વણી લેવામાં આવી છે. તન–મન–વચન અને આત્મા–પર-માત્માના ધ્યાનની સ્થિરતા એકી સાથે આ યુગમાં કોઇ પામી શક્યું નથી એ હકીકત ભારપૂર્વક દર્શાવવામાં આવી છે. પરંતુ કબીર સાહેબ નિરાશાવાદી તો નહોતા. તેઓ તો મહાન ક્રાન્તિકારી પુરુષ વિશેષ હતા. તેઓ તો દુખિયાના સદૈવ સહાયક, સુખિયાના સાચા માર્ગદર્શક અને નિરાશામાં ડૂબેલાંને માટે સંજીવની સ્વરૂપ અમર આશાના મહાન પ્રેરક હતા. જીવ તો પરમાત્મા સ્વરૂપ છે; પ્રત્યેક શરીરમાં સ્વામી પરમાત્માનો વાસ છે; પરંતુ તે દેખાતો નથી કારણ કે અજ્ઞાનના પડદાઓ પાછળ તે ઢંકાયેલો રહે છે; જો પડદા હટી જાય તો અવશ્ય તેના મનોહર મંગલમય સ્વરૂપનાં દર્શન કરી શકાય છે એવી પ્રેરકવાણીના સર્જક આવું નિરાશાજનક વિધાન શા માટે કરે?

એ વાત સાચી છે કે માનવ અસીમ શક્તિથી સંપન્ન છે, તેનો આતમરામ જાગી જાય તો તેનામાં અનંત સામર્થ્ય શક્તિ પ્રગટે છે એવું સદ્‌ગુરુ કબીર સાહેબ માનતા હતા. પરંતુ સાથે સાથે જીવનની નક્કર વાસ્તવિકતાનો પણ સ્વીકાર કરતા હતા કે જો માનવ અજ્ઞાનદશામાં જ રહે તો તે કાંઇ જ કરી શકે નહીં.

એદી, આળસુ, અજ્ઞાની માણસ અનેક નિર્બળતાઓથી પીડાતો હોય છે. તેનું વલણ નિરાશા પેદા કરે એવું જ હોય છે. આત્મકલ્યાણની આશા તેને માટે વાંઝણી નીવડે છે, કારણ કે આત્મકલ્યાણ કરવા માટે તો લોખંડી શ્રદ્ધા, અડીખમ વિશ્વાસ, દૃઢ મનોબળ અને ધૈર્યના ગુણો જરૂરી ગણાય છે. તેના વિના ઉપાસના અને સાધના થઇ શકતી જ નથી. સાધના વિના આધ્યાત્મિક ઉપલબ્ધિઓ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે? પરમ પુરુષાર્થ વિના પરમાત્માની પાસે કેવી રીતે પહોંચી શકાય?

તનની, મનની, વચનની અને ધ્યાનની સ્થિરતા તો સાધનાના યજ્ઞની સર્વોત્તમ સિદ્ધિઓ મનાય છે. તે ચારે સિદ્ધિઓ એકી સાથે પ્રાપ્ત કરનાર જીવ પોતે શિવ બની જાય છે. જીવની શ્રેયયાત્રા શિવત્વની પરિણતિમાં જ પરિપૂર્ણ બને છે તે એક આધ્યાત્મિક સત્ય છે. તેને માટે તો પરમ પુરુષાર્થ અનિવાર્ય બની જાય છે. મૂઢ અને અજ્ઞાની જીવો તે શરતનું પાલન કરી શકતા નથી, કારણ કે તેઓ પોતાની મૂઢ દશામાંથી ઉપર ઉઠવા રાજી હોતા જ નથી. તેઓને મૂઢતા કોઠે પડી ગઇ હોય છે. તેથી તેઓ માટે તન–મન–વચન અને ધ્યાનની સ્થિરતા અશક્યવત્ બની જાય છે. એવા જ પ્રકારનો ભાવ દર્શાવવા માટે સદ્‌ગુરુ કબીર સાહેબે 'કલપ ન પાવે કોય' શબ્દો પ્રયોજ્યા છે. કલપ એટલે યુગ. આ યુગમાં તો તેવી મર્યાદાવાળો જીવ સ્થિરતાની સિદ્ધિને પામી શકે જ નહિ એ હકીકતનો સ્વીકાર કર્યે જ છૂટકો! જો જીવ સંતોના સમાગમમાં આવે અને હૃદયમાં જો દીવો સળગે તો તે પોતાની આંતરિક મૂઢતાને દૂર કરી શકવા સમર્થ બની શકે છે. ધીમે ધીમે જપ–તપ–વ્રતાદિ અનુષ્ઠાનો કરતો થઇ જાય છે, કીર્તન ભક્તિની મસ્તીમાં મહાલતો થઇ જાય છે અને અનેરા



જુસ્સાથી પરમ પુરુષાર્થ પણ કરતો થઇ જાય છે ત્યારે એક ધન્ય દિવસે તેને પ્રભુના અનુગ્રહનો અદ્‌ભુત અનુપમ આસ્વાદ માણવાનું પરમ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થઇ શકે છે. ત્યારે અશક્ય લાગતી વાત સ્હેજે શક્ય બનતી જણાય છે.

તેથી કબીર સાહેબે આ સાખીમાં સૌ પ્રથમ તનની સ્થિરતાનો મુદ્દો છેડયો છે. તનની સ્થિરતા એટલે પથ્થર જેવું અચલ શરીર નહીં, પણ સાધના યજ્ઞથી પરમ પવિત્ર બનેલું શરીર. પથ્થર જેવી સાવ નિષ્ક્રિય દશા તો કોણ પસંદ કરે? એવી અવસ્થામાં રહેવું કોને ગમે? ખરેખર તો શરીરની સ્થિરતા દ્વારા કબીર સાહેબ શરીરની પવિત્રતાનો નિર્દેશ કરી રહ્યા છે. કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને મત્સરાદિ દુર્ગુણોથી કાયાની ચાદરને મેલી ન થવા દેવા માટે તો સંતો અવિરત સાધના કરતા હોય છે. શરીર સાવ જડવત્ બને તો આત્મકલ્યાણના કાર્યમાં બાધા ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. ખરેખર તો હાલતું ચાલતું ક્રિયાવંત શરીર જ પ્રભુમયતાનો પરમાનંદ સારી રીતે માણી શકે છે. ત્યાર પછી જ તે પ્રભુનાં કાર્યો કરવા માટે શક્તિવંત બની પણ શકે છે. ઇ. સ. ૧૯૪૭ ના નવેમ્બરની ૧૪ તારીખે પૂજ્ય યોગેશ્વરજીને દેવ-પ્રયાગની કુટિયામાં મા જગદમ્બાએ સાક્ષાત્ દર્શન દઇ પ્રેમમસ્ત, ભાવમસ્ત અને સમાધિનિષ્ઠ અલૌકિક દશાનો અદ્‌ભુત અનુભવ કરાવ્યો હતો. ત્યારે પૂજ્યશ્રી પોતાના હાથ પગ કે કોઇ પણ અંગ હલાવી શકતા નહોતા. જાણે કે અચલ સ્થિતિ થઇ ગઇ હતી! પરંતુ તે સ્થિતિમાં રહેવું પૂજ્યશ્રીને પસંદ નહોતું તેથી ચેતનવંતી સુખદ સ્થિતિમાં પોતાને મૂકી દેવા તેમણે જગદમ્બાને પ્રાર્થના કરી હતી. જગદમ્બાની કૃપાથી સત્વરે તેઓ પોતાની અસલ ચેતનવંતી સ્થિતિ પામી શક્યા હતા, ત્યારે જ તેમને પરમ આનંદનો અનુભવ થયો હતો. ત્યારપછી જ તેઓના વરદ હસ્તે

અનેક જીવોના કલ્યાણનાં કાર્યો તેમનાથી થઇ શક્યાં હતાં! મતલબ કે શરીરની તેવી શુદ્ધદશાને જ કબીર સાહેબે અહીં શરીરની સ્થિરતા કહી છે. શાસ્ત્રકારો શરીરની શુદ્ધિ માટે કાયાશોધન શબ્દનો પણ પ્રયોગ કરે છે. સર્વેશ્વરી–બાવનીમાં પૂ. મા સર્વેશ્વરીની સાધનાનું મૂલ્યાંકન આંકતા કહ્યું છે કે–

કાયાશોધન કેરો યજ્ઞ, પ્રગટાવીને થયાં નિમગ્ન,
જનસમૂહની વચ્ચે રહ્યાં, પાવન તપઅગ્નિમાં થયાં.

કાયાશોધન એટલે સ્થૂળ શરીરને પવિત્રતમ બનાવવાનો યજ્ઞ. માતપિતાના રજવીર્યથી બનેલું સ્થૂળશરીર સંપૂર્ણપણે પરિવર્તન પામે એટલે કે રજવીર્યના દોષો દૂર કરી નિતાંત પરિશુદ્ધ બનાવવાનો આગ્રહ કાયાશોધન શબ્દ દ્વારા વ્યક્ત થાય છે. પરમ પૂ. મા સર્વેશ્વરીએ પોતાના પાર્થિવ તનુને પરમ પવિત્ર રાખવા માટે કેવી ઉગ્ર તપશ્ચર્યા કરેલી તેના તો આપણે સૌ સાક્ષી છીએ. ટૂંકમાં, આધ્યાત્મિકતાની પરમોચ્ચ દશાને પ્રાપ્ત કરવા સ્થૂળ શરીરની પવિત્રતાની અનિવાર્ય આવશ્યકતા હોવાથી કબીર સાહેબે સાખીમાં તનની સ્થિરતાનો મુદ્દો આગળ ધર્યો છે.

તે જ રીતે શુદ્ધ મન તે સ્થિર મન, શુદ્ધ વચન તે સ્થિર વચન અને શુદ્ધ ધ્યાન તે સ્થિર ધ્યાન. મન સ્વભાવે ચંચળ છે. એક મિનિટમાં અનેક સંકલ્પ–વિકલ્પો તે કરી નાખે છે. તેમાં જ મનની શક્તિનો ઘણો બધો વ્યય થઇ જાય છે. તેથી તેવા મનને અશુદ્ધ મન કહેવામાં આવે છે. જપ–તપ–વ્રતાદિ અનુષ્ઠાનોથી મનનું પરિવર્તન કરી શકાય છે. ધીમે ધીમે ઓછા વિચારો કરવાની ટેવ પડતી જાય છે. સાથે સાથે સાત્ત્વિક વિચારોનો જ ઉદ્ભવ મનમાં થાય તે માટે પણ સજાગપણે પ્રયત્ન કરતા રહેવું પડે છે. તે માટે સત્સંગ, સ્વાધ્યાય આદિ સાધનો ઉપકારક થઇ



પડે છે. તેથી જ ઋગ્વેદના ઋષિઓએ ગાયું છે કે **आनो भद्राः क्रतवो यन्तु विश्वतः ।** અર્થાત્ બધી બાજુએથી મારા મનમાં કલ્યાણકારી વિચારો ઉભરાતા રહો! સદ્‌વિચારોની ટેવથી સાધક ધીમે ધીમે સાત્ત્વિકતામાં સ્થિર થઇ શકે છે. ધીમે ધીમે મન એકાગ્ર થતું જાય છે. એ રીતે મનની શુદ્ધ અવસ્થા સુધી સાધક પહોંચી શકે છે.

આપણે જાણીએ છીએ કે પૂ. મા સર્વેશ્વરી છેલ્લાં આઠ વર્ષથી સતત ઉપવાસી જીવન ગુજારી રહ્યાં છે. દર વર્ષે પૂજ્યશ્રીના નિર્વાણદિન ૧૮ મી માર્ચે શિબિરનું આયોજન પણ કરવામાં આવે છે. પૂ. મા તેમાં આઠ આઠ કલાક સુધી સતત હાજરી પણ આપે છે. પ્રત્યેક શિબિરાર્થીને વ્યવસ્થિત ભોજન મળે તે માટે તેઓ વ્યવસ્થા પણ ગોઠવતાં હોય છે. બપોરે પંગત બેઠી હોય ત્યારે પોતે સૌની વચ્ચે હાજરી પણ આપે છે અને ઘણીવાર તો ખાસ વાનગી હોય તો જાતે પીરસે પણ છે! ત્યારે શું તેમને મ્હોમાં પાણી નહિ આવતું હોય? તેમને શું ખાવાનું મન ન થતું હશે? શું એ તેમના મનની સ્થિરતા ન કહેવાય? ખરેખર તેમને નથી થતું ખાવાનું મન કે નથી થતું કોઇ પીણાં પીવાનું મન! પદાર્થ વિષયોથી તેમનું મન ઉપરામ થઇ ગયું હોવાથી ક્ષુધા અને તૃષા પર તેમણે સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો છે. તેમનું મન નિત્ય નિરંતર સ્થિર જ રહે છે. જો મન સ્થિર ન હોય તો તન કેવી રીતે સ્થિર રહી શકે?

સંતોના વચનોમાં આત્મબળ હોય છે. સત્પુરુષ જેવું બોલે તેવું થાય છે. કહેવાય છે કે સત્ય તેમનાં વચનને અનુસરે છે. તેથી તેવાં વચનો પવિત્ર ગણાય છે. તેને જ કબીર સાહેબ પણ

વચનોની સ્થિરતા કહે છે. સ્વામી વિવેકાનંદને શરૂઆતમાં ઘરમાં અનુભવાતી આર્થિક મુશ્કેલી મૂંઝવતી હતી. તેથી તેમણે એક દિવસ ગુરુ રામકૃષ્ણ પરમહંસ પાસે જઈ મુશ્કેલીનો કાયમ માટે અંત લાવવા પ્રાર્થના કરી. ગુરુએ કહ્યું, "તું જાતે જ મા પાસે માંગી લે કારણ કે તે બધું જ મારું પૂરું કરે છે." વિવેકાનંદ મા પાસે પહોંચી ગયા અને પ્રાર્થના કરવા લાગ્યા. મા જગદમ્બા સાક્ષાત્ પ્રગટ થઈને માંગવાનું કહે છે ત્યારે વિવેકાનંદ 'તમારાં ચરણોમાં પ્રેમભક્તિ આપો' એવું જ માગે છે. રામકૃષ્ણદેવ તેમને ત્રણ વાર મા પાસે મોકલે છે છતાં તેઓ પ્રેમભક્તિ સિવાય કશું જ માગી શકતા નથી. આખરે સ્વામી વિવેકાનંદે ગુરુના ચરણો પકડી આજીજી કરી કે 'પ્રભુ, તમે જ મારા વતી માગી લોને!' ત્યારે ગુરુએ પ્રસન્નતાપૂર્વક કહ્યું હતું કે "જા, હવેથી તને તારા ઘરમાં આર્થિક સંકડામણ નહીં નડે!" ત્યાર પછી ખરેખર સ્વામીજીના ઘરમાં કદી પણ આર્થિક મુશ્કેલી નડી નહોતી! પૂ. મા સર્વેશ્વરીનાં વચનો પણ એટલાં જ સચોટ રીતે ફળતાં જણાય છે. લોસએન્જીલીસ શહેરમાં એક બહેન બીજે દિવસે સવારે ઈસ્પિતાલમાં દાખલ થનાર હતાં. તેમને પેટમાં ગાંઠનું ઓપરેશન કરવાનું હતું. પરંતુ તેમને મરણનો ભય ખૂબ જ સતાવતો હતો. તેમને ખબર પડી કે પૂ. મા સર્વેશ્વરી આજે રાતે લો. એ. શહેરમાં મધરાતે આવી રહ્યાં છે. શ્રીભગવાનજીભાઈનું સરનામું તેમણે મેળવ્યું ને રાતે ફોન કર્યો તો પૂ. માએ તેમને દર્શને આવવા સંમતિ દર્શાવી. તે બહેન ૬૦ માઈલ દૂરથી દર્શને આવ્યાં. દર્શન કરીને તેઓ વિદાય થતાં હતાં ત્યારે પૂ. માએ તેમને ફૂલની પ્રસાદી આપતાં કહ્યું કે "લો આ. ડરો નહિ, સારું થઈ જશે!" બીજે દિવસે તે બહેન સમયસર ઈસ્પિતાલમાં દાખલ થયેલાં અને



ઓપરેશન પહેલાં ફરીથી તેમની તપાસ કરવામાં આવેલી ત્યારે પેલી ગાંઠ જણાયેલી નહિ. તે શું કહેવાય? વચનોની સ્થિરતા જ કહેવાય. પવિત્ર વચનોનો મહિમા એટલા માટે જ તો ગાવામાં આવે છે!

સંતો રહેતા હોય સંસારમાં—ભલે હરેફરે, ખાયપીવે, વાતચીતો કરે લોકોની વચ્ચે, છતાં તેમનું ધ્યાન તો નિજ સ્વરૂપમાં જ હોય છે. તેઓ આત્મભાવમાં સદૈવ સ્થિર હોય છે. સંસારી માણસોને તેમની તેવી અદ્‌ભુત દશાનો સ્હેજ પણ ખ્યાલ હોતો નથી! સંસારીઓ તો પોતાના જેવા જ સંતોને પણ માની લે છે અને કાયમ છેતરાતા હોય છે! એકવાર પૂ. રંગ અવધૂત પાસે નારેશ્વરમાં એક ભક્ત આવ્યા હતા. ત્યારે પૂ. અવધૂતજી પલાંઠી વાળીને બેસી શકતા નહોતા, કારણ કે તેમને જલંધરનું દર્દ હતું. જલંધરના દર્દીને પૂછો તો ખબર પડે તેની અસહ્ય સતત અગન! દૂંટી પર દેવતા મૂક્યો હોય તેમ સતત અગન બળતી હોય છે! છતાં પૂ. અવધૂતજી આવનાર સૌ સાથે પ્રસન્નતાથી વાતો કરતા અને હસાવતા. પેલા ભક્તે પ્રશ્ન કર્યો : "બાપજી, તમે કેટલાં બધાંનું દર્દ મિટાવી દીધું. તમારું દર્દ કેમ મિટાવતા નથી?" બાપજીએ જવાબ આપ્યો કે "શું તને દુઃખે છે? તું શા માટે ચિંતા કરે છે? તું તારી ચિંતા કર! મારું મન તો નિત્ય નિરંતર પ્રભુમાં જ નિમગ્ન રહે છે. ભલેને શરીર દર્દથી પીડાતું હોય! મને કોઈ હેરાનગતિ નથી!" આનું નામ ધ્યાનની સ્થિરતા.

આટલી વિશદ ચર્ચા વિચારણા કર્યા પછી મને નથી લાગતું કે આ સાખી કોઈ પણ સાધકને નિરાશાના ચક્રમાં સપડાવી દે. હંમેશ વિધેયક દૃષ્ટિથી વિચારણા કરવી જોઈએ. સત્પુરુષોના શબ્દોનો મર્મ તો જ સારી રીતે સમજી શકાશે! □

# અમૃતપળોનો આસ્વાદ–૬

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

હજુ આપણે બેંગલોરમાં જ છીએ. પોતાના પરમ પ્રિય ભક્તને ત્યાં પૂ. મા પ્રત્યક્ષ બિરાજતાં હોય તો પછી તેનાથી વિશેષ તીર્થધામ બીજું શું હોઈ શકે? સ્થાન તો પછી બેંગલોર હોય કે કલકત્તા, સ્થાનનું તેમાં વિશેષ મહત્ત્વ નથી. પરમપુરુષોની હાજરીને લીધે જ સ્થાનવિશેષનું મહત્ત્વ અને શોભા તીર્થસ્વરૂપ ધારણ કરે છે.

ચાલો, ત્યારે સૌ પ્રથમ તીર્થ અને તીર્થંકરપ્રભુનાં દર્શન કરી સાર્થકતા અનુભવીએ. ૧ ડીસેમ્બર '૯૦ ના રોજ સંધ્યાનો સમય છે. કલ્પુ ને શ્રીદેવના ઘેર પૂ. મા સોફા પર આરામથી લાંબા પગ કરીને પોતાના છોકરાઓ સાથે વાર્તાવિનોદ કરી રહ્યાં છે. પૂ. મા પ્રસન્ન છે. આ બેંગલોર યાત્રાની સાર્થકતા અનુભવી રહ્યાં છે. કલ્પુ અને શ્રીદેવના ભાવજગતમાંજ ખોવાયેલાં રહે છે. શ્રીદેવે જે ભાવ ઝીલ્યો છે તે સહજપણે વ્યક્ત થયા કરે છે, એક નાનો પ્રસંગ પણ એ મહાભાવને સમાવવા જાણે સમર્થ બની જાય છે. અંતરમાં ભાવ સમાતો ન હોય ત્યારે કોઈ પણ પ્રસંગે સહજ વ્યક્ત થયાં કરે છે, અહીં જુઓ, પૂ. મા જ્યારથી બેંગલોર પધાર્યાં છે, ત્યારથી શ્રીદેવે કેલેન્ડરના પાનાં તોડયાં નથી. એમને એમ રહેવા દીધાં છે. પૂ. મા પ્રથમ વખત આવ્યાં, ગમ્યાં ને દિલમાં વસી ગયાં. તે પુણ્યયાદ આ પાનાંઓ આપ્યાં કરશે. સવાર સાંજ કલ્પુ અને શ્રીદેવ અંતરનો અર્ધ્ય ધરી આરતી ઉતારે છે, દંડવત્



પ્રણામ કરે છે, જાતજાતના વ્યંજનો એ શ્રીચરણે અર્પણ કરી ધન્યતા અનુભવે છે. શ્રીદેવ, પૂ. માને જાણે કેદ કરી રાખવા હોય તેમ કેમેરાની ચાંપ ચપોચપ દાબતા રહે છે, પૂ. માના વિવિધ પોઝ લેતાં જાણે ધરાતાજ નથી. અત્યારે પોતે પાડેલા ફોટાઓ પૂ. માને બતાવી રહ્યા છે, શ્રીદેવ ઓફિસે જાય, કલ્પુ ઘેર હોય પણ મન તો આખો દિવસ પૂ. મામાં રમ્યાં કરે. એ બંનેના વાણી અને વર્તનમાં રમતા ભાવને પૂ. મા નિહાળી, નિહાળીને હરખ્યાં કરે. એક દિવ્ય આનંદ પર્વનો ઉત્સવ આ ગૃહમંદિરે એક સમાહથી ચાલી રહ્યો છે.

પૂ. મા અહીં પોતાની પ્રિય સખીના સંસારને પ્રભુના પરમ-પ્રેમથી સમૃદ્ધ કરવા પોતાનું પરમધન જાણે લૂંટાવા આવ્યાં છે. માત્ર મોહ અને આસક્તિના ચમકારે ચમકતો સંસાર ચપલાના ક્ષણિક ચમકાર જેવો છે. ક્યારે અદૃશ્ય થઈ જાય શું ખબર પડે? એટલે જ પૂ. મા આ સંસારને પ્રભુના સનાતન પ્રેમરંગથી રંગવા આવ્યાં છે. જન્મોજન્મની આ જીવનદીનતા ફેડવા પ્રભુના પરમ-ધનનું દાન લઈને આવ્યાં છે. કલ્પુ અને શ્રીદેવના જીવનને એ સનાતન સંગીતથી ભરવા, ગુંજતું કરવા, પરમધનથી સમૃદ્ધ કરવા, પરમપ્રેમ પીયુષથી પોષવા, પરમપ્રેમ સૌરભથી સુગંધિત કરવા, પૂ. માએ જાણે પોતાના કૃપા ભંડારને છૂટે હાથે લૂંટાવ્યો છે. "ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ" એવો ઘાટ અહીં થયો છે. પૂ. મા વરસી રહ્યાં છે, સદ્‌ભાગી જીવો ભીંજાઈ રહ્યા છે. પૂ. મા પોતાના કૃપાના ગિરિરાજને ધારણ કરીને આ જીવોને સંસાર પ્રલયથી બચાવવા કૃપા છત્રથી રક્ષ્યાં છે. પૂ. માનું આ લીલાદર્શન માણવા જેવું છે. ભાગ્યે જ જોવા મળે તેવું લીલા સ્વરૂપ અહીં ખીલ્યું છે. ભક્તોની ભીડે હમેશાં શામળિયો દોડતો આવ્યો છે.

પરંતુ આ તો મા છેને! ભીડ પડે એ પહેલાં વહારે ધાય છે. પોતાના ભક્તોને એવાં તો પ્રેમભક્તિના ચીર પહેરાવે છે કે તેનાં ચીરહરણ થઈ શકે જ નહીં!

શું આપણા સૌ પર શામળિયો અઢળક ન ઢળે? જરૂર ઢળે, પરંતુ એ માટે કલ્યુ જેવો જીવનઢાળ જોઈએ! કલ્યુ જેવો સેવા અને સમર્પણનો જીવનઢાળ ઢાળીશું તો પ્રભુને એ ઢાળ ઉપર દોડયા સિવાય છૂટકો નથી. એનાથી રહેવાશે જ નહીં. જે આપણે અહીં જોઈ રહ્યા છીએ તે ભગવાન અને ભક્તનું આવું જ કૃપાળુ અને કૃપાપાત્ર સ્વરૂપ દર્શન છે. તો કલ્યુ પાસેથી આપણે આ શીખવાનું છે, તો જ આપણા આ કલ્યુતીર્થની બેંગલોર યાત્રા સફળ થાય. પૂ. માએ પોતાની સખી પાસે તેના જીવન સાક્ષી બનવાનું સુખ માગ્યુ છે, તેના જીવનપટના એક ખૂણામાં ઊભા રહેવાનું સૌભાગ્ય માગ્યું છે. પૂ. મા વિનમ્રભાવે બે હાથ જોડીને જાણે યાચી રહ્યાં છે! હે જીવનસખી! તારા જીવન આંગણાને વાળવા ઝાળવાનું સૌભાગ્ય તું જરૂર આપજે. તારા જીવનદ્વારે ઉભા રહીને તને જોવાનું સુખ આપજે! તેના જીવનના સહ-પ્રવાસી બની તેનો જીવનભાર ઉંચકી લેવાની હોંશ અંતર અતિ છે. એટલે જ પૂ. માનું અંતરે બોલી ઉઠયું છે.

મારા જીવનને વહાલથી વધાવનારી,
સખી, ભૂલું તને શી રીતે?

પૂ. મા કહે "કલ્યુ અમારા જીવનમાંથી ઘણું ખેંચી ગઈ છે. અમારાથી આ બધું અશ્રુપ્રવાહ સાથે લખાયું છે, કલ્યુનું ઋણ અમારાથી સહજ અદા થયાં કરે છે."

ભગવાન અને ભક્તની અદ્ભુત લીલાનો કોઈ અંત નથી. એ



જીવનલીલાના સહયાત્રી બનવાનું સદ્ભાગ્ય ભાગ્યે જ સાંપડે છે. લૂંટી લઈએ લૂંટાય તેટલો લ્હાવો.

પ્રભુ સેવા થકી કેવા પીગળી જાય છે. અને એવા સેવા-વ્રતધારી સેવકના સેવક થવા પોતાનું સમગ્ર દૈવી ઐશ્વર્ય છોડીને કેવા દોડી આવે છે તે પરમ પ્રસંગને આપણે માણ્યો! પરમ-શક્તિનાં પુષ્પ જેવાં કોમળ અને નવનીતજેવા મુલાયમ દિલની દાસ્તાન શ્રી કલ્યુ–દેવ તીર્થક્ષેત્રે માણી, પરંતુ સાથે સાથે એ પરમ વજ્રશક્તિનો અનુભવ પણ માણીએ.

'वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि', જેવાં પરમ પુરુષોનાં હૈયાં હોય છે, તે સત્યનો સાક્ષાત્કાર અહીં પૂ. માના લીલાપ્રસંગમાં આપણે અનુભવી રહ્યા છીએ. એ પ્રેમે પીગળે છે પરંતુ વ્રતોની વેદના પણ એવી જ વેઠે છે, નિયમોની કઠોરતાને એવાં જ વળગી રહે છે. તો તપના તાપને સહી લેવામાં પાછી પાની કરતાં નથી. સાહસના પડકારને પહોંચી વળવા એ ફૂલ જેવું કોમળ હૃદય વજ્ર જેવું મજબૂત પણ બને છે, તે હવે આપણે અનુભવવાનું છે. પૂ. માના મનની વજ્રશક્તિ એ વ્રત, તપ અને કઠિન નિયમોના પહાડને ક્યારનાય ભાંગીને ભૂકો કર્યા છે. પૂ. માએ કઠોર વ્રત, અને નિયમો અહીં ઓરડામાં બેસીને નથી પાળ્યા, પરંતુ ગિરિ-કંદરાઓને કૂદતાં કૂદતાં, હજારો માઈલોની મુસાફરી કરતાં કરતાં, એક એક સપ્તાહ સુધી રામાયણના અનેક પારાયણો વાંચતાં વાંચતાં, છોકરાઓના સંસ્કાર ઘડતરના અનેક કાર્યક્રમોનું સંચા-લન સંભાળતાં સંભાળતાં સેવ્યા છે. તપ અહીં ગુપ્તનું નથી, અહીં તો જાહેરમાં તપના જૌહર ખેલાયા છે. પૂ. માના સાહસિક તપનું જાહેર દર્શન અત્યારે આપણે કરવાના છીએ.

પૂ. માને ૧૯૮૮ માં નવરાત્રિના દિવસોમાં અમેરિકામાં શ્રી વિનોદભાઈને ઘેર સ્વપ્ન દર્શન થયેલું, તેમાં એક જૈન દેરાસરમાં ભગવાન બાહુબલીની વિશાળ કાળી મૂર્તિનું દર્શન થાય છે. સ્વપ્નદર્શન આપી જાણે બાહુબલી ભગવાને પૂ. માને આ તીર્થસ્થાને પધારવાનું આમંત્રણ આપ્યું છે. આ બાહુબલી ભગવાનનું તીર્થસ્થાન બેંગલોર નજીક આવેલું હોઈ એ તીર્થદર્શનનો કાર્યક્રમ આજે તા. ૨, ડીસેમ્બર–'૯૦ ના રોજ ગોઠવ્યો છે. કલ્યુ–દેવ સહિત વિદેશના પંદરેક ભાઈબ્હેનોના સંઘ સાથે પૂ. મા અત્યારે પર્વતપર આવેલા એ તીર્થસ્થાનની યાત્રા માટે તળેટીમાં આવી પહોંચ્યાં છે. છસ્સોવીસ પગથિયાં ચડીને બાહુબલી ભગવાનના દર્શને જવાનું છે. પૂ. માની આ સાહસયાત્રાનું લીલાદર્શન એટલે સૃષ્ટિકર્તાની સાહસપૂર્ણ પૂજા! જોમજુસ્સાથી પ્રકાશિત આરતી!

પૂ. માનું એક સાહસપૂર્ણ કલ્પના ચિત્ર ઘણી વખત મનઃચક્ષુ સમક્ષ ખડું થાય છે. સ્વરાજ માટે પૂ. બાપુ અને સરદારના દાંડી અને બારડોલી સત્યાગ્રહની દેશદાઝના જુસ્સાથી ઉભરાતી એ સત્યાગ્રહ યાત્રાની સાહસપૂર્ણ વીરગાથાઓ પૂ. માના આ ધર્મચક્ર પ્રવર્તનના સાહસ સાથે યાદ આપી જાય છે. સનાતન ધર્મના રક્ષણ માટે ભગવાન શંકરાચાર્યનું દેશાટન, દેશવિદેશમાં શ્રી વિવેકાનંદજીની ધર્મસભાઓ ગજવતી વીરતાભરી વાણી, ઈશ્વરના ઐશ્વર્યથી છલકતી શ્રી રામતીર્થની મસ્તી અને ખુમારી, કર્મકાંડ અને અંધશ્રદ્ધામાં સપડાયેલા ધર્મને ફરીથી બેઠો કરીને વેદવાણીથી ગુંજતો કરવા મહર્ષિ દયાનંદજીની એ વીરહાક, પૂ. માની આ સાહસપૂર્ણ યાત્રાએ યાદ આવી જાય છે. ભારતના આધ્યાત્મિક સંસ્કારોના ઉત્કર્ષ માટે, ચૈતન્ય મહાપ્રભુની જેમ પ્રભુના



પરમપ્રેમના મસ્તીભર્યા ગાનનું ગુંજન કરી, જનસમાજમાં એ ગૌરવગાનની પ્રતિષ્ઠા કરવા માટે, ધર્મના સંસ્કારોને નવપલ્લવિત કરવા દેશવિદેશમાં સતત વિચરી રહેલાં પૂ. મા જાણે પ્રેમભક્તિની ધજાપતાકા હાથમાં લઈને પોતાના બાળકો સાથે વીરતાપૂર્ણ ડગલાં માંડી રહ્યાં છે. એ ડગલામાં દૃઢતા છે, એ હરણફાળની ગતિમાં સાહસિકતા છે.

આધ્યાત્મિકતા એ ફક્ત પૂજા, અર્ચનાનો વિષય નથી, પ્રભુપંથે પ્રયાણ કરવા માટે નવી જ કેડી કંડારવાનો વીરતાભર્યો પરમ પુરુષાર્થ પણ છે, તે સમજ પૂ. માની આ સાહસયાત્રાઓ આપે છે. પૂ. માની આ યાત્રાઓ ફક્ત તીર્થદેવતાના દર્શન કરવાની નથી, પરંતુ આ તો સંસ્કાર ઘડતરની શિસ્તબદ્ધ સાહસપૂર્ણ તાલીમ પણ છે. ધર્મધ્વજા ફરકાવતાં પરમપ્રેમને પંથે આગળ ધસતાં પૂ. મા અને પાછળ દોડતા પૂ. માના ટાબરીયાઓનું ટોળું, એ ચિત્રદર્શન પૂ. માની વીરતાપૂર્ણ પ્રેમભક્તિનું પ્રતીક છે.

આ ભગવાન બાહુબલીની યાત્રામાં આપણે પ્રભુની પ્રેમપૂર્ણ પણ, જોશીલી, જોમવંતી પૂજા કરવાના છીએ. પૂ. મા સાથે સૌ પર્વતની તળેટીમાં આવ્યાં છે. પડકાર સામે સદાય હસતાં પૂ. માનું દર્શન જાણે કર્યા જ કરીએ. સામે જ પહાડ છે, એ પહાડને બાળ જાણી તેને ઉંચકી લેવો હોય તેમ કમરકસીને પૂ. મા ઉભાં છે, પૂ. માના વીરતાપૂર્ણ સંસ્કારોને ઝીલવા, પાલવ પકડીને બાળસેના પણ તૈયાર છે! બાહુબલી ભગવાનના જયનાદ સાથે પૂ. મા દોડયાં છે. પાછળ કિલકિલાટ કરતી વાનરસેના પણ ઉપડી છે! એક હાથમાં પૂ. શ્રીનું સ્વરૂપ, મુખારવિંદ પર હિંમતભર્યું સ્મિત બીજા હાથે સાડીને સંભાળતાં પૂ. મા સડસડાટ પગથિયાં કૂદાવતાં દોડતાં ઉપર ચડી રહ્યાં છે. શ્રી ચરણો ખુલાં જ છે, ચપોચપ

સોપાનો સર કરી રહ્યાં છે. દોડતાં શ્રી ચરણો પર બરાબર નજર ફેરવશો તો એ વેગમાં, વામનમાં વિરાટનાં દર્શન થશે. પૂ. માની અંદર જે છૂપાયેલું છે. તે આવા પડકારના પ્રસંગોએ પ્રકટી જાય છે. આપણે એ શ્રી ચરણોની ગતિમાં પરમશક્તિને પ્રકટતી જોઇ શકીએ છીએ. એ પ્રકટલીલાના જ્યારે દર્શન કરીએ છીએ ત્યારે આપણે આપણી જાતને ભૂલી જઇએ છીએ, એટલે જ પૂ. મા સાથે હોય ત્યારે થાક્યા વિના, ખબર પણ ન પડે એ રીતે ડુંગરાઓ ચડી જઇએ છીએ. વસંતભાઇ અને ગુલાબબેન જેવાં શારીરિક ક્ષતિ અને શરીરની સ્થૂળતાને ભૂલી જઇને પર્વતની ટોચે સહજમાં પહોંચી જાય છે! કામારપૂકુર અને જયરામવાટીના ચૌદ કિલોમીટરના અંતરને સંકીર્તનમાં મસ્ત બનીને દોડતાં દોડતાં જોતજોતામાં કાપી નાખીએ છીએ. ગંગાકિનારે સંકીર્તનમાં આખી રાત પસાર થઇ જાય છે. રામાયણ પારાયણો અને સ્વર્ગારોહણની શિબિરોમાં સમય અને સ્થળ વિસરાઇ જાય છે. એ લીલામાં રમમાણ સમાધિસુખ સહજ પ્રાપ્ત થાય છે.

અહીં પણ સૌએ લીલાદર્શને જ દોડતાં ઉપર ચડી રહ્યાં છે. સૌની નજર એ શ્રીવિગ્રહના લીલાદર્શનમાં જ લાગેલી છે. પૂ. મા સિવાય બધું જ ભૂલાયું છે. આશ્ચર્યોની પરંપરા અહીં પગલે પગલે સર્જાય છે. પ્રભુકૃપાથી કેવું સામર્થ્ય પ્રકટે છે તે જીવનપાસાઓ ઉપર અંકિત થઇને નજર સામે જ ઇતિહાસનું અમર સર્જન થઇ રહ્યું છે. મુઠ્ઠીભર હાડકાઓમાં પ્રકટતી આ વજ્રશક્તિની નક્કર વાસ્તવિકતાનું આથી વિશેષ પ્રમાણ બીજું શું હોઇ શકે? પૂ. માના જીવનમાંથી જે સહજ સુધારસ ઝરે છે તેનું આ લીલાદર્શન છે. પૂ. મા દોડતાં દોડતાં જ પગથિયાં ચડી રહ્યાં છે, સાથે છોકરાઓ પણ એ લીલાદર્શનમાં મસ્ત બનીને પળેપળની યાત્રા માણી રહ્યા



છે. વચ્ચે આદિનાથ, શાંતિનાથ અને નેમિનાથ ભગવાનનું જૈન દેરાસર આવ્યાં છે. પૂ. મા આ જૈન તીર્થંકરોને પ્રેમપૂર્વક પ્રણામ કરે છે, ધૂન બોલાવે છે. આ પ્રેમમસ્તીમાં થાક શું છે તે તો કોઇને યાદ કરવાનો સમય પણ નથી!

આખરે છસ્સોવીસ પગથિયાં દોડતાં દોડતાં જ ચડીને પૂ. મા સાથે સૌ ભગવાન બાહુબલીના સાન્નિધ્યમાં આવી પહોંચ્યાં છે. ભગવાન બાહુબલીની વિશાળકાય મૂર્તિ સતાવન ફુટ ઉંચી છે, એક હજારવર્ષ જૂનો એનો ઇતિહાસ છે. આજે પણ આ મૂર્તિ સમયની થપાટો ખાવા છતાં એવી જ સર્વાંગસુંદર છે. પરમાત્માના દિવ્ય-પ્રેમને ભક્તોએ વિશાળ મૂર્તિઓ, ભવ્ય મંદિરો, વિવિધશાસ્ત્રો અદ્ભુત લલિતકળાઓમાં વ્યક્ત કર્યો છે. અહીંનું દૃશ્ય ભારે મનોરમ છે. પર્વતની ઉંચાઇ, આકાશનો વિશાળ ચંદરવો, ઠંડી હવા, તાજગીભર્યો સૂર્યપ્રકાશ, વૃક્ષરાજની ઘટ્ટાઓને લીધે આ પવિત્રસ્થાન ખરેજ મનોરમ્ય લાગે છે.

પૂ. મા સહિત સૌ ભગવાન બાહુબલીના શ્રીચરણોમાં ભાવપૂર્વક પ્રણામ કરે છે. અમેરિકામાં થયેલું બાહુબલી ભગવાનનું સ્વપ્નદર્શન સત્ય ઠર્યું. તેથી પૂ. મા ખૂબ જ પ્રસન્ન છે. પૂ. માએ સ્વપ્નદર્શનની વાત કરી એ દિવ્ય અનુભવ અને સાક્ષાત્કારની અત્યારની ક્ષણોનો આનંદ અનુભવી રહ્યાં છે. બાહુબલી ભગવાનની મૂર્તિની પ્રદક્ષિણા યાત્રામાં જૈનપરંપરામાં થયેલા અનેક તીર્થંકરોનાં સ્વરૂપો આવેલાં છે. પૂ. મા સાથે તે સ્વરૂપોનાં સૌ દર્શન કરે છે. ઇંદ્રિયોને જીતે તે જિન! જૈન પરંપરામાં ન હોવા છતાં તત્ત્વદર્શનથી જોતાં પૂ. મા પણ જિનેશ્વર છે. સર્વ ઇંદ્રિયોપર સંયમનું પૂર્ણ પ્રભાવક શાસન પણ માએ સ્થાપ્યું છે. કેવલ જ્ઞાનની બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરીને સ્વયં કૈવલ્યધામના પરમપદને પામ્યાં છે.

એટલે જ તો પૂ. માના શ્રીચરણોમાં જેમણે અનન્ય પ્રીતિ કરી લીધી તેમણે વળી મોક્ષ અને પરમપદને બીજે ક્યાં શોધવાનું રહે છે? અહીં પવિત્ર જૈન તીર્થધામની યાત્રાનો આનંદ તો છેજ, પરંતુ સાથે સાથે પ્રેમમાધુર્યથી રસભીની માતૃગોદે વિરાજવાનો કૃતાર્થભાવ કંઇ ઓછો નથી! અનેક સ્વરૂપે ભલે એ પરમપદ પ્રકટતું હોય પણ માતૃરૂપની મધુરતાની કૃતાર્થતા બીજે અનુભવવા નહીં મળે! એ કૃતાર્થતાનો લ્હાવો મન ભરીને માણી લઇએ!

બાહુબલી ભગવાને દર્શન આપી જે કૃપા કરી તેનો કૃતાર્થ-ભાવ પૂ. મા અત્યારે વ્યક્ત કરી રહ્યાં છે. એ ભગવાનના શ્રી-ચરણોમાં પૂ. મા સૌ સાથે એકસો ને પચ્ચીસ દંડવત્ પ્રણામ કરી રહ્યાં છે. પ્રભુપ્રેમ આગળ શરીરને પૂ. માએ હમેશાં નગણ્ય ગણ્યું છે. છસ્સોને વીસ પગથિયાં દોડતાં જ ચડીને આવ્યાં છે છતાં એ પરિશ્રમ કે થાકને લક્ષમાં લીધા વિના જ પ્રભુને પ્રેમપૂર્ણ પ્રણામ પાસે બીજું ગૌણ ગણ્યું છે. પૂ. માએ પ્રચલિત કરેલી આ દંડવત્ પ્રણામની વિધિ પ્રભુની પ્રેમપૂર્ણ તપસ્યા જ છે. પૂ. મા આ દંડવત્ પ્રણામો દ્વારા જનસમાજની યુવાપેઢીનું માનસિક અને શારીરિક ઘડતર કરવા માગે છે, ખોખલી થયેલી માનસિક અને શારીરિક શક્તિને તાલીમ આપીને નિર્મળ તંદુરસ્ત જનમાનસનું નિર્માણ કરવાનું એક ધ્યેય તેની પાછળ રહેલું છે. યુવાનથી માંડીને સીત્તેર વર્ષના વૃદ્ધોને પણ પૂ. માએ આ તાલીમથી ટટ્ટાર કર્યા છે. આ પણ એક વ્યાયામ સાથેનો સ્વાધ્યાય છે. પૂ. માએ તેને દૈનિક સ્વાધ્યાયમાં અગ્રસ્થાન આપ્યું છે. આજે દરેક ઘરોમાં તેની પ્રેમપૂર્ણ ઉપાસના શરૂ થઇ ગઇ છે. શિબિરોમાં પૂ. મા જ્યારે સમૂહમાં સૌને દંડવત્ પ્રણામોની શિસ્તબદ્ધ તાલીમ આપતાં હોય છે ત્યારે એમ લાગે છે કે ભાવિમાં આ તાલીમ સંસ્કાર ઘડતરની



અનોખી ઉપાસના બની જશે! આ દંડવત્ પ્રણામોના સ્વાધ્યાયથી કેટલાયના શારીરિક વ્યાધિઓ ભાગ્યા છે. શરીરમાં કેદ થયેલા બીકણ મનને મજબૂત કર્યું છે. આ દંડવત્ પ્રણામો દ્વારા પૂ. માએ સૌમાં હનુમાનજીની શક્તિ અને ભક્તિનું સામર્થ્ય પ્રકટ કર્યું છે.

પૂ. માનું જીવનદર્શન સમજવા જેવું છે. પૂ. માનું જીવન એકાંતમય નથી. જંગલ કે પહાડની કુટિર કે ગુફામાં વાસ નથી તેમ જ ગુરુજીના આશ્રમમાં શરણાગત ભાવે પણ વાસ નથી કરતાં! જનસમૂહની વચ્ચે જનસમાજને દોરતાં દોરતાં પ્રભુ-પંથની કેડી કંડારી રહ્યાં છે. સ્વયં આગળ ચાલી રહ્યાં છે. પથ-પ્રદર્શક બનીને બેસી ન રહેતાં, સૌને સાથે દોરી રહ્યાં છે. તપ કરીને કરાવે છે. પ્રેમ આપીને પ્રેમ માગે છે. શ્રદ્ધાભર્યા અંતરથી આશ્ચર્યકારક શક્તિઓનો આવિર્ભાવ કરી શ્રદ્ધાળુઓના અંતરની શ્રદ્ધાને મજબૂત બનાવે છે. સ્વયં સેવા કરીને સેવાની પગદંડી અન્યને ચીંધે છે. ગુરુદેવના શ્રીચરણે જીવન સમર્પીને શરણા-ગતિનો રાહ બતાવે છે, સર્વસ્વ ત્યાગીને ત્યાગનો મહિમા સમજાવે છે. મુઠ્ઠીભર હાડકાઓમાંથી કેવું સામર્થ્ય પ્રકટી શકે છે તે આપણને પોતાના જીવનમાં ચરિતાર્થ કરીને પ્રેરણા આપે છે. સ્વયં જલીને સુગંધ પ્રસરાવી રહ્યાં છે. આતમદીપ પ્રકટાવીને પ્રકાશ રેલાવી રહ્યાં છે. જીવનને દીવાદાંડી સમું બનાવીને નાનકડી જીવનનાવોને દિશાસૂચન કરી સન્માર્ગે વાળી રહ્યાં છે.

પૂ. માનો જીવનભંડાર અષ્ટસિદ્ધિઓને નવ નિધિઓથી છલકાતો હોવા છતાં ક્યાંય તેનું પ્રદર્શન નથી. જાહેરમાં સિદ્ધિઓનું પ્રદર્શન કરી લોકોને આકર્ષવાને બદલે લોકહૃદયમાં તપની પ્રતિષ્ઠાનો આદર ઉભો કરે છે. નવ નવ વર્ષના અણિશુદ્ધ

ઊપવાસો વચ્ચે પોતાના જનજાગરણના કાર્યક્રમો અવિરત ચાલુ રાખે છે. સૌને સાથે રાખીને વૈષ્ણવીદેવીની કઠિનયાત્રા પગે ચાલીને કરે છે, સમશૃંગી અને બાહુબલીના તીર્થસ્થાનોનાં ચઢાણો દોડતાં ચઢે છે. અશક્ય શક્ય બનાવીને દિવ્ય શક્તિના સાક્ષાત્કારની અનુભૂતિ સ્વયં કરે છે અને અન્યોને કરાવે છે. સંકલ્પ સિદ્ધિ હસ્તામલકવત્ હોવા છતાં કોઈને હથેળીમાં ચાંદ બતાવતાં નથી, પરંતુ સૌની સમક્ષ પ્રભુ વિરહમાં રાતોની રાતો એમને એમ પસાર કરે છે. સેવા ને સ્મરણમાં દેહભાન ભૂલી સત્સંગનો મહિમા સૌને સમજાવે છે. ગાદી ઉપર બેસીને હુકમો કરવાને બદલે સ્વયં આજ્ઞાઓ પાળે છે. પૂ. માએ તપ અને પુરુષાર્થની પ્રતિષ્ઠા સ્થાપિત કરી છે. પ્રભુપંથે કંઈ મફતમાં મળતું નથી, પરંતુ "પ્રથમ પહેલાં મસ્તક મૂકી વળતાં લેવું નામ જોને", એ સારને સાર્થક કર્યો છે. આધ્યાત્મિક પંથે ચાલનાર અને દોરનાર બંનેને માટે પૂ. માનું જીવન દીવાદાંડીની ગરજ સારે છે.

આ બેંગલોર યાત્રામાં પૂ. માના પાવન પગલે ઉઠેલા પ્રતિઘોષને અંતરમાં ઝીલી લઈએ. દોડતાં જ છસ્સો વીસ પગથિયાં ચડીને તેમ જ દોડતાં તેટલાં પગથિયાં ઉતરીને સદાય ઊપવાસી આ શરીરમાં પ્રતિષ્ઠિત પરમશક્તિની શક્તિનું સૌને પ્રત્યક્ષ દર્શન કરાવ્યું એટલું જ નહીં પણ જીવનના પડકારો સામે ક્ષુદ્ર બનવાને બદલે શારીરિક અને માનસિક રીતે સજ્જ બનવાની તાલીમ પણ સૌને આપી, તર્નમને પુષ્ટ બનીને પૂ. માના પ્રેરણા પિયૂષને સાર્થક કરીએ. કલ્પું જેવા બાળક બનીએ, જેથી પૂ. માને ગોદ લેવાની ઈચ્છા થઈ આવે. કલ્પુ જેવો ભગવદ્પ્રેમ પ્રકટાવીએ જેથી પ્રભુને આપણા જીવનમાં પણ દોડીને આવવાનું ગમે. બેંગલોર આવ્યા જ છીએ તો સેવાની દીક્ષા પણ કલ્પુ



પાસેથી જ લઈ લઈએ, કારણ કે તીર્થ અને તીર્થંકરનો આવો સુભગ યોગ પાછો ક્યારે મળે? આ દિવ્ય સાન્નિધ્યયોગે તનમને પુષ્ટ બનીને તેના મંગલ વિનિયોગ માટે એ પાવન પદાંબુજે પ્રાર્થીએઃ–

અમે કાનથી મંગલ સુણીએ,
આંખે જોઈએ મંગલ.
પૂજન કરતાં પરમાત્માનું,
અમે કામ કરીએ મંગલ,
સુદૃઢ કાયા થકી આયુને,
ભોગવીએ પ્રભુને માટે,
સુદૃઢ અંગ દરેક કરીને,
વાપરીએ પ્રભુને માટે. અસ્તુ.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# અદ્ભુત કૃપા

નારાયણ હ. જાની

તા. ૭ જાન્યુ. ૯૩ ના દિવસે અમારે અચાનક રાજકોટ આવવાનું થયું. મારા દીકરાના એક સ્નેહી ભાવનગર આવેલા, અને તેમના પ્રેમાગ્રહને વશ થઈ હું ને મારાં પત્ની રાજકોટમાં મારા પુત્રને ત્યાં વહેલી સવારે આવ્યાં. મારા પુત્રના આ સ્નેહીનું નામ શ્રી કાન્તિભાઈ પટેલ.

અમારો પરસ્પરનો પરિચય બહુ લાંબા ગાળાનો નહિ. ફક્ત છ આઠ મહિનાનો જ. પરંતુ એમને અમારા માટે ભાવ થયો. નહિ તો આજની ઝડપી જીવનચર્યામાં કોણ કોને પ્રેમપૂર્વક બોલાવે કે આગ્રહ કરે?

રાજકોટ આવ્યા પછી સ્નેહી મિત્રોનો ભાવ કે તમારા આગમનનો—તમારી સાથેની વાતોનો અમે વધુમાં વધુ લાભ લઈ શકીએ. એટલે કાર્યક્રમો સહજ રીતે ગોઠવાઈ જાય.

પરંતુ આ કાર્યક્રમમાં અમને થયું કે શ્રી કાન્તિભાઈને અમારી સાથે રહી ભગવાનની વાતો સાંભળવાનો ખાસ અવકાશ ન રહ્યો, કારણ કે એમને ત્યાં એક માંદા સ્નેહીનું આગમન થયેલું. એટલે તેઓ પોતાના વ્યવસાય અને ઘરે પધારેલ સ્નેહીજનની દેખભાળ વગેરેમાંથી ખાસ બહુ સમય ના કાઢી શક્યા. એટલે મને થયું ચાલો રવિવારનો આખો દિવસ શ્રી કાન્તિભાઈને ફાળવીએ. તેઓ કહે ત્યાં જવું.

શ્રી કાન્તિભાઈને અમે અમારો આ સંકલ્પ જણાવ્યો. તે



સાંભળી તેઓ રાજી થયા. તેમની શ્રદ્ધા સ્વામિનારાયણ ભગવાનમાં અને તેના સંત શ્રી પ્રમુખ સ્વામીમાં. એથી તેઓએ સૂચવ્યું કે ચાલો આપણે શ્રી અક્ષર પુરુષોત્તમવાળા પ. પૂ. સ્વામી શ્રી ગુણાતીતાનંદજીની જન્મભૂમિ—ભાદરા જઈએ.

અમને સહજરીતે કોઈપણ સંતના દર્શને કે તેમની ભૂમિમાં જવાનું ગમે. એટલે આ કાર્યક્રમમાં પણ અમારી હાજ હોય!

આથી રવિવાર તા. ૧૦–૧–૯૩ ના રોજ સવારે લગભગ દસ વાગ્યા પછી અમે રાજકોટથી નીકળ્યા. ગાડી શ્રી કાન્તિભાઈના એક સ્નેહીની હતી. ભાદરાના મંદિરમાં આપવા માટે તેઓએ ફળનો એક કરંડિયો પણ લીધો. શ્રી કાન્તિભાઈની એક ખાસિયત. મંદિરે કદી ખાલી હાથે ના જાય. તેમ જ પોતાની શક્તિ અનુસાર ભેટ પણ ધરતા રહે.

ઘણીવાર એવું બને કે તમારા આયોજન પ્રમાણે સરળતાથી તમારો કાર્યક્રમ પાર પડે, ત્યારે તેમાં તમોને પ્રભુની વિશેષ કૃપાનો અનુભવ કેવી રીતે થાય? અમારા આ કાર્યક્રમમાં પણ આવું જ કાંઈક થયું.

અમારી ગાડી માંડ રાજકોટ શહેરનો સીમાડો છોડી પંદરેક કીલોમીટર—જામનગર રોડ ચાલી હશે કે કંઈક ભ અવાજ સાથે ગાડી ઊભી રહી ગઈ! કંઈક થયું એમ અમને સહુને લાગ્યું. પરંતુ શું થયું તે તો કોઈ જાણકાર જ કહી શકે! અમારી મુશ્કેલી એ હતી કે શ્રી કાન્તિભાઈને ગાડી સરસ ચલાવતાં આવડે પણ એને મશીનરીનું ખાસ જ્ઞાન નહિ. એટલે અમે સહુ ગાડીમાંથી નીચે ઉતર્યા. એન્જીનનું ઢાંકણ ખોલી અમારી અલ્પ સમજ પ્રમાણે જોવા લાગ્યા. ગાડીનું એન્જીન તો ચાલુ કરી જોયું—તે તો

બરાબર ચાલતું હતું, પરંતુ ગાડી 'ગેર'માં પડતી ના હતી. એટલે ખાત્રી થઇ ગઇ કે ગાડીની એક્ષેલમાં કંઇ ખરાબી થઇ છે.

આથી ગાડીમાં બેઠેલાં બધાં જ સભ્યો નીચે ઉતરી ગયાં. રસ્તાની બાજુમાં નાની બોરડીઓ ઉપર ચણીબોર હતાં. અમારાં પુત્રવધુ, પૌત્રી અને શ્રી કાન્તિભાઇનાં પત્નીએ આ અપાહીજ સમયનો ઉપયોગ પેલાં બોર વીણવામાં કાઢવા માંડયો, જ્યારે મારાં પત્નીએ શ્રી યોગેશ્વર પ્રભુને યાદ કરી એમની બાવનીઓના પાઠ એક પત્થર પર બેસી કરવા માંડયા.

મારા પુત્રે શ્રી કાન્તિભાઇને કહ્યું, "લાગે છે કે ભગવાનની ઇચ્છા આપણે એમનાં દર્શન આજે કરી શકીએ એમ લાગતું નથી." આ સાંભળી શ્રી કાન્તિભાઇએ મારા પુત્રને તુરત કહ્યું, "એવું કેમ માની શકાય? પ્રભુની ઇચ્છા આપણને એનાં દર્શન કરાવવાની ના હોત તો આપણને ઘરેથી નીકળવાની તેણે પ્રેરણા ના જ કરી હોત."

શ્રી કાન્તિભાઇની આ દલીલ તથ્યવાળી જણાઇ. અને પ્રભુની કૃપા તો જુઓ. અડધા કલાકની તીવ્ર પ્રતીક્ષા પછી એક ટેક્ષી વગર બોલાવ્યે અમારી ગાડીની આગળ આવી ઊભી રહી ગઇ. તે પડધરી જઇ રહી હતી. તેમાં ચાર પાંચ મુસાફરો બેઠેલા હતા. તેનો ડ્રાયવર નીચે ઉતર્યો અને અમારી ગાડી પાસે આવ્યો. તેણે અમારી વાત સાંભળી—ગાડી સ્ટાર્ટ કરી જોઇ, પણ ગાડીનો ગેર ના પડતાં, તેને પણ લાગ્યું કે કેન્કશેફ્ટ ગઇ લાગે છે.

તેણે સામેથી પૂછ્યું કે "તમારે હવે શું કરવું છે? પડધરી આવવું હોય તો તમારી ગાડીને હું મારા દોરડાથી મારી ગાડી પાછળ બાંધી લઉં અને તમે બધાં તેમાં બેસી જાવ. પછી પડધરી ગયા પછી વિચાર કરીશું."



આમ અડધેથી પાછા ફરવા કરતાં આગળ જવાનું અમને ઠીક લાગ્યું. એટલે અમારી ગાડીને તેણે મજબૂત દોરડાથી બાંધી, સાવચેતીપૂર્વક પડધરીના પેટ્રોલ પમ્પ સુધી પહોંચાડી.

પડધરીથી ધ્રોળ થઇ અમારે ભાદરા જવાનું હતું, જેનું અંતર લગભગ ૪૦ કીલોમીટર જેટલું થતું હતું. પડધરી ઉતર્યા પછી બસ પકડવી કે બીજું કોઇ વાહન ભાડે કરી લેવું એનો અમે વિચાર કરી રહ્યા હતા. એટલામાં પેલી ગાડીના ડ્રાયવરે અમારે શ્રી કાન્તિભાઇની પાસે જઇ કહ્યું, "સાહેબ, બીજી ગાડી શું કરવા, તમે ડીઝલ પૂરાવી મારી આ ગાડી જ લઇ જાઓને. મારે ત્રણ ચાર કલાક અહીં કામ છે, એટલે ગાડી એમ જ પડી રહેવાની છે. ભાદરા જઇને તમે પાછા અહીં જ આવી જજો."

શ્રી કાન્તિભાઇ અને અમે સહુ ઘડીભર વિચારમાં પડયા. અમને થયું, "આ માણસ અમને ઓળખતો નથી, છતાં તે પોતાની ગાડીની ચાવી અમને સોંપી દેવા તૈયાર થયો છે! એ કેવું વિચિત્ર છતાં આશ્ચર્ય જ કહેવાયને?

ઘડી વિચાર કરી એ ભાઇના સૂચનનો શ્રી કાન્તિભાઇએ સ્વીકાર કરી લીધો અને ગાડીમાં જરૂરી ડીઝલ પૂરાવી દીધું.

આમ એક અજાણ્યા માણસની ગાડીમાં અમે થોડા મોડા પણ ભાદરા પહોંચ્યા. જો કે મંદિરનાં દર્શન તો બંધ થઇ ગયાં હતાં. પરંતુ પ. પૂ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની જન્મભૂમિના પવિત્ર સ્થળ ઉપર અમે પગ મૂકી શક્યા. મંદિરની ઉન્નત ઉડતી ધજાને તેમ જ મંદિરના પ્રવેશના પગથિયાંને અમે વંદન કર્યા, મનમાં કહ્યું પણ ખરું કે "પ્રભુ આપની ઇચ્છા અમોને અહીં સુધી લાવવાની હતી એટલે જ અમે આવી શક્યા. નહિં તો અમારે માટે અહીં સુધી પહોંચવું સુગમ ન હતું."

મંદિરના વ્યવસ્થાપકોએ અમારી જમવાની વ્યવસ્થા કરી દીધી અને શ્રી કાન્તિભાઈએ પ્રભુને ધરવા માટે આણેલાં ફળોનો ટોપલો સાધુઓને સોંપી દીધો. આમ અમારા ભાગ્યમાં જે અન્ન હતું તે અમે પામ્યા અને પ્રભુને અર્પણ કરવાની ભાવનાથી શ્રી કાન્તિભાઈ જે ફળ અને પ્રસાદ લાવ્યા હતા તે પ્રભુને પહોંચી ગયો.—એમજને!

ભાદરાથી અમે ફરી પડધરી કહ્યા પ્રમાણે સમયસર આવી ગયા. પરંતુ તે ગાડીના માલિક હજુ ત્યાં ઉપસ્થિત ન હતા. એકાદ કલાકની રાહ જોયા પછી તે પણ આવી ગયા અને અચાનક એક અપરિચિત ભાઈએ અમારી ગાડી સમી કરાવવાની જવાબદારી સંભાળી લીધી.—એથી અમને ભારે આશ્ચર્ય થયું.

આમ બધી વ્યવસ્થા થઈ જતાં તે ડ્રાયવર ભાઈ અમને સહુને પોતાની ગાડીમાં રાજકોટમાં છેક અમારા ઘર સુધી મૂકી ગયા. અને તેણે કોઈ વધારાનો પૈસો પણ ના લીધો.

પ્રવાસ દરમ્યાન વાત વાતમાં અમે કહ્યું, તમે અમારી સાથે આવ્યા હોત તો તમને ભગવાનના મંદિરે જવાનો લાભ મળત. તેણે તુરત કહ્યું, "એવું શું કામ માનો છો? અરે, મારી ગાડી તો મંદિર સુધી તમને પહોંચાડી આવી તે ઓછું છે!"

ખરેખર તેની વાત સાચી હતી. તે ગાડીની મદદ વગર અમે મંદિરે પૂરી સુવિધાથી પહોંચી ન જ શક્યા હોત.

ઘરે પહોંચ્યા પછી અમને એ વાત જાણી ભારે આશ્ચર્ય થયું કે અમને અજાણ્યાઓને ભગવાનના મંદિરે જવાની અમારી ભાવના પૂરી કરનાર તે ડ્રાઈવરભાઈ મુસલમાન હતો! અમારા દિલમાં એને માટે માન ઉભરાઈ આવ્યું.



બોલો પ્રભુની કૃપાનો આ કેવો મોટો અદ્‌ભુત અનુભવ!

ઘરે બેસી શાંતચિત્તે આ ઘટનાઓ ઉપર વિચાર કરતાં લાગ્યું કે પ્રભુએ અમારી ગાડી આમ અર્ધરસ્તે ભાંગી ના હોત તો અમને આવા વિધર્મી છતાં ઉદારદિલ માનવનો અનુભવ જ ક્યાંથી થાત!

સહુને એમ લાગ્યું કે દરેકના ઈષ્ટદેવે તેઓની પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે આ ગેબી મદદ પૂરી પાડી. એવું સ્વીકારવામાં આપણને શું વાંધો?

પ્રભુની કૃપાનો જય હો! જય હો, જય હો.

મનને સુશાંત રાખવું, તપવું નહિ લગાર;
ઉચિત હોય તે બોલવું, પૂરો કરી વિચાર. નાથભગવાન્

IS:10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# શબરી ઘરે રામ પધાર્યાં

શ્રી જયંતી પટેલ (ટોરોન્ટો)

રામાયણમાં આવતો શબરીનો પ્રસંગ કોણ નથી જાણતું? માતંગ–ગુરુમાં શબરીને અપાર શ્રદ્ધા. ગુરુએ જણાવેલું, "શબરી તારા આંગણે શ્રીરામ જરૂરથી પધારશે." આ શ્રદ્ધા અને નિષ્ઠાના નેજા હેઠળ શબરીએ વૃદ્ધાવસ્થા સુધી શ્રીરામ–પ્રભુની રાહ જોઇ. આખરે એક શ્રદ્ધાળુ ભક્તનાં દર્શન કરવા શ્રીરામ સામેથી શબરીના આંગણમાં પધારે છે. જનક રાજાએ સુવર્ણપાત્રમાં જેમનાં ચરણ પખાળ્યાં હતાં. કેવટે લાકડાની કથરોટમાં જેઓનાં ચરણ ધોયાં હતાં, પરંતુ શબરી પાસે પાત્ર કે પાણી બેમાંથી એક પણ ન હતાં. શબરી શ્રીરામને આસન પાથરીને બેસાડે છે. પછી શબરીએ પોતાના બંને હાથ શ્રીરામના ચરણ નીચે રાખીને ચરણોની ઉપર મસ્તક મૂકીને પોતાનાં પ્રેમાશ્રુથી પ્રભુનાં ચરણ પખાળ્યાં, અને શબરી ધન્ય થઇ ગઇ!

બસ. આવી જ વાત, આવું જ દૃશ્ય અને આવો જ નિર્દોષ પ્રેમ આજે મને આ કેનેડાની, ધરતી પર આવેલા એડમન્ટન (Edmunton)નામના ગામમાં પદ્માબેનને ત્યાં જોવા મળ્યો. ટોરોન્ટોથી ૨૫૦૦ કિ. મી. દૂર આવેલા આ નાનકડા ગામમાં પૂ. માએ જવાનો વિચાર શાથી કર્યો હશે? પૂ. મા નિર્જળા ઉપવાસો કરે, ગોકુલાષ્ટમીના કાર્યક્રમમાં એક એક વાગ્યા સુધી સાન્નિધ્ય આપે, ટોરોન્ટો ધ્યાનકેન્દ્રના બધા જ બાળકોને પૂ. માનું સતત સાન્નિધ્ય મળે તે હેતુથી બબ્બે દિવસ સુધી કેમ્પીંગ કરાવે–ગરબા ગવડાવે અને પોતાના શરીરને અનેક ઘણું કષ્ટ આપે.



શરીરને જરા પણ આરામ ન આપે અને અચાનક એડમન્ટન (Edmunton) જવાનું શા માટે નક્કી કર્યું હશે? એવા અનેક પ્રશ્નોની વણઝાર અને વિચારોના વાયુમંડળમાં કેનેડીઅન એર–લાઇનના (Canadion Air–line) વિમાનમાં ૩૬૦૦ ફૂટની ઊંચાઇએ ૬૦૦ માઇલની ઝડપે આકાશમાર્ગે પૂ. માના સાન્નિધ્યમાં, શ્રી અંબુભાઇ, શ્રી હંસાબેન, શ્રી વિનોદભાઇ, શ્રી પ્રભુદાસભાઇ અને શ્રી રૂક્ષ્મણીબેન તેમ જ મુન્ની જેવા સહ-યાત્રીઓ સાથે Edmunton તરફ દીવા સ્વપ્નોમાં દોડી રહ્યાં હતા. અચાનક જાગૃત અવસ્થામાં આવ્યો ત્યારે પૂ. મા દરેકે દરેક સહયાત્રીઓને કંઇકનું કંઇક કામ સોંપી રહ્યાં હતાં. શ્રી અંબુભાઇ અને હંસાબેનને અગિયારવાર શ્રી સાઇનાથ બાબાની બાવની કરવાનો લાભ મળ્યો. શ્રી પ્રભુદાસભાઇ અને રૂક્ષ્મણીબેનને શિવમહિમ્નનો પાઠ ૧૧ વાર સોંપાયો. શ્રી વિનોદભાઇ સ્તુતિ અને ઉર્મિલાબેનને અગિયારવાર યોગેશ્વરપ્રભુ અને પૂ. માની બાવની કરવાનો આદેશ પ્રાપ્ત થયો, અને મને પણ પૂ. માની બાવની અગિયાર વાર કરવાની આજ્ઞા થઇ. પૂ. મા પણ નિત્ય પાઠ–પૂજામાં અને માળા કરવાના નિયમમાં પરોવાઇ ગયાં. આમ મંગળવારના મંગલમય દિને ૫–૪૦ કલાકે Edmunton Air–Port પર લગભગ ચારથી સાડાચાર કલાકની મુસાફરીના અંતે અમે સૌ આવી પહોંચ્યાં. પ્લેન દશેક મિનિટ વહેલું પહોંચ્યું હોઇ–થોડા સમય બાદ પૂ. શ્રી વાસુદેવભાઇ અને પદ્માબેન તેમ જ બાળકો આવી પહોંચ્યાં. જોતજોતામાં સામાન વાનમાં ગોઠવાઇ ગયો, રસ્તા પર પૂ. માની સફેદ ગાડી સડસડાટ દોડી જતી હતી–પાછળ અમારું વાન પવનવેગે "ઉડનખટોલા"ની પેઠે દોડી રહ્યું હતું. ટોરોન્ટો શહેર કરતાં અહીંના રસ્તા મોટા અને સારા

હતા. અડધા જ કલાકમાં જ્યારે અમે પદ્માબેનના ઘરે આવી પહોંચ્યા ત્યારે તામ્રવર્ણનો સૂર્યોદય તેમનો તેજોમય પ્રકાશ પાથરીને અમો સર્વેનું સ્વાગત કરતો હતો.

પૂ. માના આગમનની સંપૂર્ણ તૈયારી પદ્માબેને પહેલેથી જ કરેલી હતી. સુંદર મજાના સોફામાં પૂ. માની મુલાયમ બેઠક તૈયાર જ હતી. પૂ. ગુરુદેવ માટે પણ અલગ બેઠક બનાવેલી હતી. પદ્માબેને અને વાસુદેવભાઇએ એક મહાન સંતને શોભે તેવું પૂ. માનું સ્વાગત, અભિવાદન અને પૂજન કર્યું. શ્રી પદ્માબેનની પૂ. મા પ્રત્યેની લાગણી, ભાવો, શ્રદ્ધા, કે ભક્તિ અહીં છૂપાં નથી રહી શકતાં. પદ્માબેને દીવો પ્રગટાવીને પૂ. માના ચરણો આગળ બે હાથ ખુલ્લા રાખ્યા. પછી પ્રેમાશ્રુથી પૂ. માને ભક્તિભાવપૂર્વક આવકારે છે. તેમના મુખમંડળના ભાવોમાં આદર, સત્કાર અને સેવાભાવનાં દર્શન થાય છે. શબરી જાણે ભગવાન શ્રીરામનું સ્વાગત ના કરતી હોય!–તેમ પદ્માબેન મૌન મને પૂ. માનાં શ્રી ચરણો આગળ અશ્રુધારા વહેવડાવવા બેસે છે. શ્રી પદ્માબેન આમ તો કોલેજ–જીવનમાં પૂ. મા સાથે જ ભણતાં હતાં. છતાંય પૂ. માને એક મહાન સંત સ્વરૂપે નીરખીને આજે શ્રદ્ધાભક્તિથી સત્કારે છે. ભક્તના પોકારને પૂ. મા પણ કદાપિ ભૂલતાં નથી. પદ્માબેનનો એક વર્ષ પહેલાંના પોકારને ધ્યાનમાં લઇને સામે ચાલીને પૂ. મા શ્રી પદ્માબેનના ઘરે પધાર્યાં ત્યારે મારી ભ્રમણા સંપૂર્ણ રીતે દૂર થઇ.

પૂ. માએ અડધો કલાક સત્સંગનો લાભ આપ્યો. Edmuntonનાં ગુજરાતી ભાઇબહેનોએ પૂ. માના સ્વમુખે યોગેશ્વરપ્રભુના ગુણગાન સાભળ્યાં. અને પૂ. માના કંઠે ગવાયેલાં ભજનોનો લાભ પણ માણ્યો. સ્વાગત માટે આવેલ ભાઇઓ



આરતી કરીને પ્રસન્ન મને છૂટા પડયાં. પૂ. માના શયનખંડની સજાવટ કરવામાં પદ્માબેને જરા પણ કચાશ રાખી ન હતી. પૂ. માના મુક્ત હાસ્યથી હળવું વાતાવરણ–પૂ. માની પ્રસન્નતા–પદ્માબેનનો મૂક પ્રેમ, માતૃદર્શનના આનંદમાં અનેક ઘણો વધારો કરતો હતો. પૂ. મા જાણે કે ભગવાન રામ બનીને શબરીરૂપી પદ્માબેનને ઘરે અનેક ઘણી પ્રેમવર્ષા વરસાવી રહ્યાં હતાં! આટલા બધા સમય દરમ્યાન પદ્માબેનના મુખેથી એક પણ શબ્દ નહોતો સાંભળ્યો પણ સાધારણ સ્વસ્થતા અનુભવતાં બોલી ઉઠયાં "શબરીના ઘરે રામ પધાર્યાં." અને બે હાથ જોડીને પચાંગ પ્રમાણ કરીને મનોમન પોતાના જીવનની ધન્યતાને અનુભવવા લાગ્યાં. પૂ. માએ સૌંજની પ્રાર્થના કરી કે તરત જ અમો છૂટા પડયા.

આમ મંગળવાર તા. ૨૫–૮–૯૨ ના દિવસે જ્યારે અમો નિદ્રાધીન થયા ત્યારે એડમન્ટન લોકલ સમયાનુસાર રાત્રિના ૧૨–૩૦ થયા હતા. વાસુદેવભાઇને પણ પૂ. મા અને શ્રી યોગેશ્વર પ્રભુના પ્રસંગોની વાતોમાં રસ પડયો, પ્રસંગોને સાંભળ્યા ત્યારથી તેમનામાં પણ પૂ. મા પ્રભુ પ્રત્યે શ્રદ્ધા અને પૂજ્યભાવ જાગૃત થયો.

તા. ૨૬–૮–૯૨ અને બુધવારનો દિવસ પૂ. મા માટે આરામનો દિવસ હતો. સવારે પૂ. માના શયનખંડમાં સમૂહમાં ૧૨૫ પ્રણામ કર્યાં. પદ્માબેન અને વાસુદેવભાઇ પણ જોડાયા. તેમને પણ કોઇ પણ જાતની તકલીફ વગર પ્રથમવાર પ્રણામ કરતા હોવા છતાં બધાંની સાથે પૂરા પ્રણામ કર્યાં. સવારની પ્રાર્થના પછી યોગેશ્વર પ્રભુની બાવની બોલાવાઇ અને પૂ. માએ તેમની સાથે અમોને સર્વેને લગભગ ૨૦ મિનિટ સુધી મૌનમાં બેસાડયા. વાસુદેવભાઇ સાથે ત્યાંના જોવા લાયક સ્થળોની માહિતી મેળવીને

વાન–રેન્ટલ અને કાર્યક્રમની આછી રૂપરેખા તૈયાર કરી. છૂટા પડતાં પૂ. માની આજ્ઞાથી અમો સર્વે (પદ્માબેનના નજીકના મિત્ર ચંપાબેનને ત્યાં) બપોરનું ભોજન લઇ દુનિયાનું મોટામાં મોટું એડમન્ટ મોલનું શોપિંગ સેન્ટર (Edmunton Mall Shopping centre) જોવા માટે ગયા.

૨૨ વર્ષથી કેનેડામાં રહ્યો હોવા છતાં દક્ષિણ કેનેડા જોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું ન હતું. પૂ. માની અસીમ કૃપાથી જ આ લાભ મળ્યો–મને પોતાને પણ આશ્ચર્ય થાય તેવો આ મોલ (સ્ટોર) ખૂબ મોટો હતો. આ શોપીંગ સેન્ટરની વિશેષતા એ હતી કે, તમે આ મોલમાં દાખલ થાવ એટલે દરેક દરેકે વસ્તુ મળે જ મળે. ચાર–દિશા પ્રમાણે ચાર ભાગમાં વહેંચાયેલી આ વિશાળ જગ્યામાં નાનાં નાનાં બાળકો માટે Ice skating ring, Water Slide, under ground Submarine ઘણું જ મોટું વિશાળ જહાજ, મોર–ઢેલ–રંગબેરંગી પોપટ જેવાં પક્ષીઓ, સિનેમા-ગૃહો–મોટી મોટી મોટેલ્સ આ મોલનું અજબ આકર્ષણ હતું. ત્યાંનું બાંધકામ આજના યુગની સર્વશ્રેષ્ઠ શિલ્પ કળા અને પ્રગતિનું ભાન કરાવે છે. અમારી પાસે સમય ઘણો જ ઓછો હતો. પરંતુ શ્રી વાસુદેવભાઇએ જોવાલાયક સારી જગ્યાઓ બતાવી અને અમો ૬–૩૦ કલાકે પાછા ઘરે આવી ગયા. પૂ. માને આમ તો આ બંને દિવસ નિર્જળા હતા. છતાંય પ્રસન્નતાથી વાસુદેવભાઇની બેબીના નાના–બચુકડા ૨૧ દિવસના વિજય સાથે પણ અવનવી રીતે પ્રભુની વાતો કરીને દરેકને હાસ્યના મહાસાગરમાં ડૂબાડી દેતાં હતાં.

ત્યાર પછી સાંજે સાત વાગ્યા બાદ પૂ. મા થોડો સમય બહાર ફરવા ગયાં–થોડા સહયાત્રીઓ પણ જોડાયા. સ્કૂલના લીલાઘાસના ગ્રાઉન્ડ પર જ પૂ. મા પણ બીરાજ્યાં. પૂ. માએ બાળપણનાં



સંસ્મરણોને યાદ કર્યાં. કોલેજ જીવન અને પદ્માબેનના પિતાશ્રીના સેવાભાવી કાર્યોની વાતો કરી અને લગભગ અડધો કલાક સુધી સત્સંગ કરી. પૂ. ગુરુદેવની બાવની બોલીને ફરીને પાછાં આવ્યાં.

આ કુટુંબના એકે એક સભ્યો પ્રેમાળ અને આનંદી હતા. નિમીષાનો હસમુખો સ્વભાવ કોઇ પણ કામ સહજરીતે કરવામાં અનેકઘણો વધારો કરતો હતો. પદ્માબેને અને આ બાળાઓએ સાંજના ભોજનની તૈયારી જોતજોતામાં કરી દીધી. ઘર વિશાળ–વ્યવસ્થા સરસ સુંદર મઝાનું મોટું બેઇઝમેન્ટ અને સૌથી મોટું પદ્માબેન અને વાસુદેવભાઇનું દિલ, દરેક રીતે અમારી સાનુ-કૂળતાઓમાં અનેક ઘણો વધારો કરતાં હતાં. જમવા બેસવાનો સમય એટલે હાસ્ય અને આનંદનો સમય, પદ્માબેનનો આગ્રહ પણ અવર્ણનીય.

તે પછીના અમારા ત્રણ દિવસો પૂ. મા સાથે દક્ષિણ કેનેડાના પ્રાકૃતિક સૌંદર્યથી સભર એવા સ્થાનોની યાત્રામાં ગયા. જીવનનો એ અમૂલ્ય અવસર હતો. ભારતના હિમાલય અને કાશ્મીરનાં સ્થાનોનાં સૌંદર્યની યાદ અપાવે એવાં એ સ્થાનો હતાં. તેમની યાત્રાની વાતો આપણે અલગ લેખમાં જોઇશું.

યાત્રાએથી પાછા આવ્યા પછી સોમવારનો દિવસ શ્રી પદ્મા-બેન અને વાસુદેવભાઇના કુટુમ્બ સાથે પસાર કર્યો. પદ્માબેનનો સ્વભાવ હસમુખો અને ઘણોજ આનંદી હતો. પૂ. મા સાથે સવારની પ્રાર્થના–પ્રણામ વગેરે કર્યા પછી અમે સર્વે છૂટા પડયાં. પૂ. મા બાહ્યદૃષ્ટિએ જરા અસ્વસ્થ જણાતાં હતાં. મુખમુદ્રાના ભાવો કોઇની ચિંતામાં ડૂબેલા જણાતા હતા. અંબુભાઇ અને હંસાબેનના એક મિત્રને ત્યાં ભોંજન માટે જઇને ઘરે આવ્યા

ત્યારે સાંજના પાંચ વાગ્યા હતા. પૂ. મા પાસે બેઠા હતા ત્યારે અમોને રમેશભાઈના કાકાના પુત્રના અવસાનના સમાચાર પૂ. માના સ્વમુખે જાણવા મળ્યા. પૂ. માની અસ્વસ્થતાનાં કારણનો હવે મને સંપૂર્ણ ખ્યાલ આવ્યો. પૂ. માએ શ્રી છોટુભાઈના પુત્રની ઘણી બધી સારી વાતો કરી. પૂ. મા તેના આત્માને અંજલિ આપતાં હોય તેમ વારંવાર જણાવતાં હતાં કે "એ ભાઈએ અમારી ભારતમાં ઘણી બધી સેવા કરી હતી. અમે સુરતમાં રમેશભાઈને ત્યાં જ અમારો મુકામ રાખતાં હતાં, આ ૩૧–૩૨ વર્ષનો નવયુવાન અમોને ખાસ કહેતો કે પૂ. મા આ વર્ષે જેવી રીતે તમોને બધી જગ્યાએ લઈ જવાની અને સેવા કરવાની તક મળી છે તેવી રીતે તમો જ્યારે પરદેશથી પાછાં ફરશો ત્યારે હું તમોને મારી કારમાં તમારી ઈચ્છા પ્રમાણેની જગ્યાએ જરૂરથી લઈ જઈશ." પૂ. માની મુખમુદ્રા પરના હાવભાવો તે આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના કરતા જણાતા હતા. અમોએ સાંજના સત્સંગની થોડી ઘણી તૈયારી કરવામાં વાસુદેવભાઈને અને પદ્માબેનને મદદરૂપ થવાનો પ્રયત્ન કર્યો.

સાત વાગ્યાની આસપાસ એડમન્ટનના ઘણા બધા ગુજરાતી–ભાઈબહેનો પૂ. માના દર્શને અને સત્સંગનો લાભ લેવા આવી પહોંચ્યા. ટૂંક સમયની નોટીસ આપેલ હોવા છતાં આખું બેઈઝમેન્ટ લગભગ ભરાઈ ગયું. સાતથી ૭–૪૫ ભજનનો કાર્યક્રમ આયોજીત હોઈ સહુએ ભજનો ગાયાં. ત્યારબાદ પૂ. મા અને યોગેશ્વર પ્રભુનો ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો, સાથે સાથે પરબડી, ગીતાદર્શન, અર્ઘ્ય અને અંજલિ તેમ જ શ્રી યોગેશ્વર લીલામૃત જેવાં પુસ્તકોની યોગ્યતા અને મહત્તના સમજાવાઈ. પૂ. માએ એક કલાક સુધી સુંદર રીતે સત્સંગ



કરાવ્યો. સત્સંગ દરમ્યાન પૂ. માએ યોગેશ્વર પ્રભુને ગુરુ તરીકે બીરદાવ્યા, જીવન આખું ગુરુને કેવી રીતે સમર્પિત કરી દીધું તેનો ભજનો દ્વારા સચોટ ખ્યાલ આપતાં જણાવ્યું કે જીવન પ્રભુમય બનાવી દેવું જોઈએ. જીવનની બધી જ ચિંતાઓ દુઃખો પ્રભુને સોંપવાં જોઈએ અને શ્રદ્ધા–નિષ્ઠા અને પ્રેમથી પોતાના જીવનને પ્રભુને સમર્પિત કરી દેવું જોઈએ. શ્રી વાસુદેવભાઈ અને પદ્માબેને પૂ. માની આરતી ઉતારી. પૂ. માએ "શ્રીકૃષ્ણ શરણં મમ, યોગેશ્વર શરણં મમ"ની ધૂન અને શાંતિપાઠ કરીને સત્સંગની પૂર્ણાહુતિ કરી.

મને ખરેખર એક અગત્યની વાત જમાવતાં આનંદ થાય છે કે અહીંના બધાં ભાઈબહેનો ઘણાં બધા ભાવિક અને ભક્તિ-ભાવથી રંગાયેલાં જણાયાં. પુસ્તકો જોતજોતામાં વેંચાઈ ગયાં! ઘણા બધા ભાઈઓએ યોગેશ્વરકૃત ગીતાદર્શનનો ઓર્ડર પણ આપ્યો. કેટલાક ભાઈઓએ તો એમ પણ જણાવ્યું કે યોગેશ્વર પ્રભુનાં લભ્ય હોય તેટલાં બધાં જ પુસ્તકો અમારે ખરીદવાં છે. ઘણી બધી બહેનોએ પૂ. માએ લખેલ અર્ઘ્ય અને અંજલિ ભજનની પુસ્તિકાનો પણ ઓર્ડર આપ્યો. અમારી સાથે ઘણા બધા ભાઈઓ પૂ. માના સત્સંગની અનેક ઘણી પ્રશંસા કરવા લાગ્યા, અને સત્સંગનું આયોજન અવારનવાર એડમન્ટનમાં પણ થાય તેની ભલામણ પણ કરવા લાગ્યાં.

આમ "શબરીના ઘરે રામ પધાર્યા" સર્વ રીતે સાર્થક બન્યું. રામના આગમનથી શબરી સંપૂર્ણ રીતે મુક્તિ પામી હતી તેમ પૂ. માના આગમનથી શ્રી પદ્માબેન ખરેખર ધન્ય બની ગયાં! શબરીરૂપી પદ્માબેનના આનંદનો પાર ના રહ્યો. મંગળવાર અને

૨–૯–૯૨ ના લગભગ ૧૧ વાગ્યાની આસપાસના સમયે અમોએ વિદાય લીધી. વિદાય વસમી હતી. શ્રી પદ્માબેનની આંખોમાંથી અશ્રુધારા વહી રહી હતી. પૂ. માને નમ્રભાવે વિનવી રહ્યાં હતાં કે "હજી મા–રોકાઈ જાવ, તમારા વિના અમોને હવે જરા પણ ગમશે નહીં." પછી નાના વિજયને વિદાય આપી.

પૂ. મા સાથે અમે સૌ સહયાત્રીઓ સુરેશભાઈ શાહને ઘરે આવી પહોંચ્યા ત્યારે લગભગ સાંજના સાત વાગ્યા હતા. "ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ કાર્ય અમારું સફળ કર્યું." ગવાયા બાદ વિમળાભાભીએ બનાવેલા ભોજનને ન્યાય આપ્યો. શ્રી વિનોદભાઈ ન્યુજર્શી જવાના હોઈ તરત રવાના થયા. અમો સર્વે પૂ. મા સાથે થોડો સમય બેઠા. પૂ. માએ છેલ્લે છેલ્લે પણ બધાંને હાસ્ય રસ પીરસ્યો.–પૂ. મા કહે કે "જોયું, આ વિમળા બહુ પાકી છે– આ યાત્રાનો બધો જ લાભ–તેણે ઘેર બેઠાં જ લઈ લીધો–તમોને બધાંને જમાડીને."

●

**સુવાક્ય**

"બધો વખત સતત ઈશ્વરનો જ વિચાર કર્યા કરો. ઈશ્વર ચિંતન મનનથી કદિ જુદા ન પડે. ઠાકુર કહેતા તેમ દુઃખતી દાઢ હોય ત્યારે બધાં કામ કરો પણ મન ત્યા જ રહે છે તેમ. તે તમને પવિત્ર અને મુક્ત બનાવશે."



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની

# નવમી પુણ્યતિથિ

(૧)

પહાડોની રાણી એવા મસૂરી શહેરમાં મહાત્મા યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પૂ. શ્રીની નવમી પુણ્યતિથિ નિમિત્તે તા. ૧૮ માર્ચના રોજ એક ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં હવન, પૂજન, ભજન, સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત પ્રવચનોનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમની ઉજવણીમાં સાથ પૂરાવ્યો મહાત્મા યોગેશ્વર સ્મારક સમિતિ (શ્રી ગાંધી નિવાસ સોસાયટી વતી) તેમ જ મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુ મંદિર, મસૂરીએ.

ઉજવણીનું સ્થળ હતું. શ્રી ગાંધીનિવાસ સોસાયટી, મસૂરી, જ્યારે પ. પૂ. ભક્તિયોગ સ્વામી (નવમધુવન આશ્રમ, કૈલાસ ગેટ, ઋષિકેશ,) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. લોકોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો.

(૨)

સૌરાષ્ટ્રના મોરબી શહેરમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીના અનુયાયીઓએ ધ્યાનકેન્દ્રના ઉપક્રમે શ્રી શંકર આશ્રમમાં, પ્રાર્થના, ધ્યાન સ્તોત્રો વડે પૂ. શ્રીના નવમા લીલા સંવરણ દિનની ઉજવણીનો વહેલી સવારથી પ્રારંભ કર્યો હતો. ભાઈ શ્રી બાલમુકુન્દભાઈ શ્રોફ અને શ્રી ગોરધનભાઈ કલોલાએ પૂ. શ્રીના જીવનના બોધદાયક પ્રસંગો રજુ કરી. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું ધ્યેય પ્રભુ જલ્દી સિદ્ધ કરાવે તેવી પ્રાર્થના કરી હતી.

પૂ. શ્રીની આત્મકથા પ્રકાશના પંથેના પુર્ણાહૂતિ પ્રસંગે શ્રી મોહનભાઇ ચૌહાણ તરફથી બધા ઉપસ્થિત ભક્તોને સરલગીતાનું પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

રાતે તા. ૧૫ ઓગસ્ટની કેનેડામાંની ઉજવણીની વિડિયો કેસેટ પણ બતાવવામાં આવી હતી. તે પહેલાં પૂ. શ્રીને પ્રિય એવો સમૂહ ધ્યાન અને પ્રાર્થનાનો કાર્યક્રમ આ દિવસની ત્રીજી બેઠકમાં પણ રાખવામાં આવ્યો હતો. પ્રકાશના પંથેના નાટકના વિદેશમાં વસતા અભિનેતાઓનો સરસ જીવંત અભિનય બદલ તેઓને અભિનંદન આપ્યા હતા.

સમગ્ર કાર્યક્રમોનું સંચાલન શ્રી હરિભાઇ ભોજાણીએ કર્યું હતું.

(૩)

ભાવનગરમાં સ્વ. શ્રી હિમ્મતભાઇ પારેખના નવા મકાન 'મા'માં સવારના ૯–૩૦ થી સાંજે ૪–૩૦ સુધી અને તે પછી 'પરમધામ'માં સમૂહધૂન અને ભજનોનો કાર્યક્રમ પૂ. શ્રીના નવમા લીલાસંવરણ પ્રસંગે પ્રયોજવામાં આવ્યો હતો. ભાગ લેનાર સાધકોએ તે દિવસ ઉપવાસ કરેલ હોવાથી સહુને ફળાહાર અને દૂધ આપવામાં આવેલ. આ પ્રસંગે પૂ. શ્રીનું ધ્યાનયોગ ઉપરનું ટેપ પ્રવચન સાધકોએ સાંભળ્યું હતું. નારાયણભાઇ જાનીએ આ પ્રસંગે પૂ. શ્રીની વિશેષતાઓનું નિરૂપણ કરતા પ્રસંગો કહ્યા હતા.

પૂ. શ્રી તેમ જ પૂ. માના સ્વરૂપોનું પૂજન પુષ્પાંજલિઓ અર્પણ કરી ઉપસ્થિત સાધકોએ કર્યું હતું.

પૂ. શ્રી અને પૂ. મા જેવા આધ્યાત્મિક સંતો પ્રભુકૃપાએ આપણ સહુને મળ્યા છે, તે બદલ સહુએ ખુશી વ્યક્ત કરી હતી.



(૪)

અમદાવાદના સત્યપથમાં પણ તા. ૧૮ માર્ચનો ખાસ કાર્યક્રમ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી બપોર પછી રાખવામાં આવ્યો હતો. લોકોએ સારી સંખ્યામાં ભાગ લીધો. નિયમ પ્રમાણે પૂ. શ્રી અને પૂ. માની બાવનીઓ, સ્વરૂપોનું પૂજન, પૂ. શ્રીનું ટેપ પ્રવચન, સમૂહધ્યાન વગેરેનો કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. શ્રી દમયંતીબેનના લંડનમાં રહેતા ભાઇ શ્રી દવેભાઇ તરફથી સહુને ફળોનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

પૂ. શ્રીના જન્મસ્થળ સરોડામાં પણ તે દિવસે શ્રી તારાબેન અને અંબાલાલભાઇ શુક્લ તરફથી ભજન–ધૂનનો ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વડોદરામાં પણ પૂ. મા–પ્રભુના પ્રેમભક્ત શ્રી જીતુભાઇ ગાંધીને ત્યાં લીલા સંવરણદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વડોદરાના ઘણાં બધાં પ્રેમી ભાઇબહેનોએ હાજરી આપી પૂ. શ્રી અને પૂ. માનાં સ્વરૂપોનું પૂજન–અર્ચન કરી પોતાના ભાવની અભિવ્યક્તિ કરી હતી. સમૂહ ધ્યાન, ભજન, ધૂન અને પૂ. શ્રીના ટેપ પ્રવચનથી સરસ આધ્યાત્મિક વાતાવરણ ઊભું થયું હતું.

મુંબઇમાં શ્રી મધુભાઇ ભટ્ટને ત્યાં યોગી એવેન્યુ, યોગી-નગરમાં આખો દિવસ સત્સંગનો કાર્યક્રમ ચાલ્યો. પૂ. શ્રી અને પૂ. માનાં વિડીઓ અને ટેપ પ્રવચનો, ભજન, ધૂન, પૂજન અને બાવનીઓના ગાનથી પૂ. શ્રીની પુણ્યતિથિ ઉજવી. ઉપસ્થિત ભક્તોને ફલાહાર પણ કરાવવામાં આવ્યો.

આ સિવાય, અનેક નાનાં મોટાં સ્થળોએ જ્યાં જ્યાં પૂ. શ્રી અને પૂ. માના ભક્તો વસે છે, ત્યાં ત્યાં સહુએ પૂ. શ્રીની પુણ્ય-તિથિને પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક ઉજવી.

## * ન તંત કે અંત *

મારી તૃષ્ણાનો ન તંત કે અંત,
અહર્નિશ કજળ્યા કરે,
જાણે ઉદધિને અંતરિયાળ,
વડવાનલ ભડકે બળે. ...મારી૦

મેં તો ત્યાગ ને રાગના ભેદ લહ્યા,
મેં તો માયાના આકરા માર સહ્યા,
કેવા કેવા વૈરાગ્યના રાહ ચહ્યા!
એ તો વરસે શી અનરાધાર.
સલિલે પ્રજળ્યા કરે. ...મારી૦

મારે જાગરણે એની જ્યોત જલે,
મારી નિંદરમાં એ અધિક છલે,
દીવાસ્વપ્નમાં જાય છકી પ્રબલે!
એને શીંગ ન પુચ્છ કશે
વૃષભવત્ મ્હાલ્યા કરે. ...મારી૦

જ્ઞાન–યોગમાં મારી ન ચાલે મતિ,
તપ–ધ્યાન શું મર્કટની ન ગતિ,
રજ જેટલી ભક્તિમાં માંડ રતિ!
પ્યાસી અનુગ્રહ વિશ્વાધાર! ...મારી૦
પપીહો તલસ્યા કરે
જાણે ઉદધિને અંતરિયાળ
વડવાનલ ભડકે બળે. ...મારી૦

— ડો. રણજિત પટેલ (અનામી)



## * બધું સારું જ લાગે છે *

થઈ મજનૂ હું ઘૂમું છું, કુદરત ગોદમાં હોજે,
વિલોકું સૃષ્ટિ જ્યાં સારી, બધું સારું જ લાગે છે.

કદી તલસી રહ્યું જોવા, આ જાદુ તો કરે છે કો,
ઊંચા પહાડો, ગુફા–સાગર, બધું સારું જ લાગે છે.

લીલી હરિયાળી ધરતી છે, નભે રંગો છવાયે છે,
વરસતી વર્ષા આનંદે, બધું સારું જ લાગે છે.

પવન જો મંદ વાયે છે, તરુનાં પર્ણ ડોલે છે,
સરિતાનાદ કલરવ એ, બધું સારું જ લાગે છે.

રૂપેરી ચાંદની જુઓ શું, વિભુનું હાસ્ય છલકાયે!
નભે નાટક જુઓ શોભે! બધું સારું જ લાગે છે.

વિભુનો બાળ છું નાનો, લિપિ કુદરતતણી વાંચું,
ભલે સમજું કે ન સમજું, બધું સારું જ લાગે છે.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

# શ્રી મા શારદાદેવી

લેખક : સ્વામી ગંભીરાનંદ
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

### પરમ પવિત્ર સેવા અને વાત્સલ્યમૂર્તિ

શ્રી રામકૃષ્ણદેવની સેવા જ મા શારદાનું એક માત્ર લક્ષ હતું. તેઓ સદા તેમને સાનુકૂળ થવા પ્રયત્નશીલ રહેતાં. શ્રી રામકૃષ્ણદેવની સેવામાં જ તેમનું સુખ, આનંદ સર્વ કાંઇ હતું. તોપણ અન્ય વ્યક્તિઓની ગેરસમજને લીધે ઘણી વાર તેઓને તે સુખમાંથી પણ વંચિત રહેવું પડતું. મા શારદાનો સ્વભાવ એવો સરલ હતો કે પોતાના દુઃખે પણ બીજાને સુખ મળતું હોય તો પોતે દુઃખ સહી લેતાં. નીચે આપેલા પ્રસંગો પરથી તે સમજી શકાય છે.

એક સવારે શ્રી રામકૃષ્ણદેવ ઉદ્યાનમાં ફૂલો ચૂંટી રહ્યા હતા, એવામાં એમની નજર મંદિરના સ્નાનઘાટ તરફ આવી રહેલી એક હોડી ઉપર પડી. એ હોડીમાંથી એક સ્ત્રીને તેમણે ઊતરતી જોઇ, મધ્યમ વય, સુંદર મુખાકૃતિ અને લાંબા છૂટા કેશ ધરાવતી એ સ્ત્રીનાં ભગવાં વસ્ત્રો કહી આપતાં હતાં કે તે સંન્યાસિની હોવી જોઇએ. શ્રી રામકૃષ્ણદેવે તેમના ભાણેજ હૃદયરામને બોલાવીને એ સંન્યાસિનીને બોલાવી લાવવાનું સૂચન કર્યું. અજાણી સ્ત્રી સાથે કદાપિ વાત ન કરતા પોતાના મામાનું આવું વર્તન આશ્ચર્યકારક લાગવાથી હૃદયે પૂછ્યું. "એ તો અપરિચિત સ્ત્રી છે. આમંત્રણ આપીએ તો પણ એ અહીં શા માટે આવે?" ઠાકુરે કહ્યું, "તું જા. તેને મારી વાત કહે એટલે એ અહીં જરૂર આવશે."



બન્યું પણ એમ જ. હૃદયરામની વાત સાંભળીને એ સંન્યાસિની તરત જ આવવા માટે ઊભાં થયાં. આથી હૃદયને વધારે નવાઇ લાગી!

એ સંન્યાસિનીનું નામ હતું યોગેશ્વરી ભૈરવી. તેઓ રામકૃષ્ણને જોતાં જ સાનંદાશ્ચર્ય અશ્રુપાત કરતાં બોલી ઊઠયાં, "બેટા! તું અહીં છે? તું ગંગાતટે ક્યાંક હોઇશ એવા ખ્યાલથી હું તને કેટલાયે સમયથી શોધું છું. હવે આજે તું મને મળ્યો!"

શ્રી રામકૃષ્ણે પૂછ્યું, "માતાજી! મારી ખબર તમને શી રીતે પડી?" એમણે ઉત્તર આપ્યો, "શ્રી જગદંબાની કૃપાથી મને ખબર છે કે એની મંડળીના ત્રણ જણને મળવાનું મારા ભાગ્યમાં લખાયું છે. એમાંથી બે જણને તો હું પૂર્વ બંગાળમાં મળી ચૂકી છું, અને હવે આજે તને મળું છું."

જાણે કોઇ ખજાનો મળ્યો હોય એવા ભાવથી એ શ્રી રામકૃષ્ણ તરફ જોવા લાગ્યાં. શ્રીરામકૃષ્ણનું હૃદય પણ દ્રવી ઊઠયું. બંગાળના જેસોર જિલ્લામાં એક બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલાં ભૈરવીએ યોગસાધના કરી હતી. બ્રાહ્મણીએ હિંદુ શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કર્યું હતું. તાંત્રિક તથા વૈષ્ણવ સાહિત્યનું અધ્યયન એથીયે વિશેષ ઊંડુ હતું. એ કેવળ પોથી પંડિતા ન હતાં. પરંતુ ધાર્મિક સાધનામાં પણ એ ઘણાં જ આગળ વધેલાં હતાં. એટલે શ્રી રામકૃષ્ણની અનેક શંકાઓનું સમાધાન એ સહેલાઇથી કરી શકતાં.

બંને વચ્ચે પ્રથમ મિલન વખતે જ ઊભો થયેલો માતાપુત્રના જેવો સંબંધ સમય જતાં સવિશેષ ગાઢ બનવા લાગ્યો. શ્રી રામકૃષ્ણ ભૈરવીને "બ્રાહ્મણી" એવા નામથી બોલાવતા. તેઓ દક્ષિણે-

શ્વરના મંદિરમાં નિવાસ કરીને રહ્યાં અને પંચવટીમાં ભૈરવી અને શ્રી રામકૃષ્ણ વચ્ચે દરરોજ ધાર્મિક વાર્તાલાપ થવા લાગ્યો. ભૈરવી વૈષ્ણવી ભક્તિની ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યાં હતાં. શ્રી રામકૃષ્ણ પ્રતિ એમને વાત્સલ્ય ભાવનો ઉદય થયો. યશોદા જેવા સ્નેહથી એ શ્રી રામકૃષ્ણને હોંશે હોંશે મિષ્ટ ભોજનો રાંધીને જમાડતાં. શ્રી રામકૃષ્ણને થઇ આવતા ભાવાવેશો, સમાધિ જેવી અવસ્થાને સમાજ વ્યાધિગ્રસ્ત મગજના તરંગો સમજતો. પોતાની ચેષ્ટાઓને યથાર્થ રીતે જગત સમક્ષ મૂકવાની જ્યારે જરૂર ઊભી થઇ ત્યારે જ થએલ ભૈરવી બ્રાહ્મણીનું આગમન, ઠાકુર જગદંબાની કૃપારૂપે જ સમજવા લાગ્યા.

ભૈરવીને દક્ષિણેશ્વર આવ્યાને એકાદ સમાહ પણ ન વીત્યું ત્યાં જ શ્રી રામકૃષ્ણે વાતવાતમાં સૂચવી દીધું કે બંનેના નિકટ પરિચયનો લોકો અવળો અર્થ ન કરે એ હેતુથી નજીકના બીજા કોઇ સ્થળમાં ભૈરવીએ રહેવા જવું. ભૈરવીને પણ એ સૂચન ગમ્યું અને બે માઇલ દૂર આવેલાં આરિયાદહ ગામમાં તેઓ જઇ રહ્યાં. ત્યાંથી દરરોજ એ દક્ષિણેશ્વર જતાં આવતાં. પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વથી એમણે ગામલોકોને પણ જીતી લીધા. એટલે એ લોકોએ જ એમના યોગક્ષેમનો ભાર વહન કરવા માંડયો.

શરૂઆતના દિવસોમાં તો મા શારદા પ્રત્યે તેમનો વ્યવહાર સ્નેહપૂર્ણ હતો. માતાજીની ઉંમર ત્યારે નાની હતી. તેઓ ભૈરવીને સાસુ સમાન માન આપતાં, અને તેમનાથી ડરીને ચાલતાં. ભૈરવી વચ્ચે વચ્ચે મરચાં વધુ નાંખીને પૂર્વ બંગાળની માફક શાક બનાવતાં અને માતાજી તથા રામલાલની માની થાળીમાં પીરસીને તેના સ્વાદ બાબત તેઓનો મત પૂછતાં. રામલાલની મા તો કહી



દેતાં. "હા, તીખું થયું છે!" પણ ભૈરવીના ગુસ્સાથી બચવા માતાજી કહેતાં, "સારું થયું છે." પણ આમ કહેતાં કહેતાં તીખાશને કારણે તેઓની આંખોમાંથી આંસુ પડતાં. ભૈરવી તે તરફ ન જોતાં રુઆબથી રામલાલની માને કહેતાં, "વહુ તો કહે છે સારું થયું છે." તને તો બાપુ, "કોઇ રીતે સારું નહીં લાગે. તને હવે શાક નહિ આપું." એક દિવસ ભૈરવી બ્રાહ્મણીએ ઠાકુરને ફૂલની માળા વગેરે વડે શ્રી ગૌરાંગનો વેશ સજાવ્યો. અને આ મનોહર વેશ જોવા માતાજીને પણ બોલાવી લાવ્યાં. માતાજીએ આવીને જોયું કે ઠાકુર ભાવાવેશમાં છે. આથી તેમને જાણે ભય લાગ્યો. બ્રાહ્મણીએ જ્યારે પૂછ્યું, "કેમ લાગે છે?" ત્યારે "સારું લાગે છે" કહી પ્રણામ કરી મા શારદા તરત જ ચાલ્યાં ગયાં. આ ભયમાં લજ્જા પણ હતી. કારણ, માતાજી ભૈરવીને સાસુ સમાન માનતાં, અને વળી ત્યારે તો માતાજી લજ્જાળુ નવવધૂ હતાં.

ભૈરવી ઉપર માતાજીને ઘણી જ શ્રદ્ધા હતી, છતાં પણ ઠાકુર સાથેના તેમના સહજ મિલનને ભૈરવી કંઇક ઈર્ષાની નજરે જોવા લાગ્યાં. ગુરુ તોતાપુરી જે રીતે શ્રી રામકૃષ્ણને યથાર્થ રીતે સમજી શકેલા કે તેઓએ સમાજની દૃષ્ટિએ લગ્નજીવન અંગીકાર કરેલ હોવા છતાં, મા શારદા સાથેનો તેમનો કોઇ દૈહિક સંબંધ નથી. તેઓ સંસારમાં હોવા છતાં કમળ પુષ્પ સમાન સાંસારિક વાસનાઓથી નિર્લેપ હતાં. શ્રી રામકૃષ્ણ અને મા શારદાનું જીવન અત્યંત પવિત્ર છે તેમ શ્રી તોતાપુરી સારી રીતે સમજી શકેલ. તે રીતે ભૈરવી બ્રાહ્મણી મા શારદાને સમજી શકેલ નહિ. પરિણામે તેઓ માતાજીનો શ્રીરામકૃષ્ણ સાથેનો વ્યવહાર શંકાની નજરે જોતાં.

મા શારદા અત્યંત નિરાભિમાની અને સરળ સ્વભાવનાં હતાં, તેથી ભૈરવીને તેમની વિરુદ્ધમાં આક્ષેપ કરવા જેવું કંઇ જ ન

મળ્યું. પણ આ ઈર્ષા બીજી જ રીતે બહાર આવવા લાગી. તેઓ શ્રી રામકૃષ્ણના ભવિષ્ય સંબંધી શંકાશીલ બનીને તેમને સાવધાન કરવા લાગ્યાં કે, "સહધર્મિણી સાથે છૂટથી હળવામળવાથી તેઓ પોતાના સાધક જીવનમા પતન લઇ આવશે." સિદ્ધગુરુ તોતાપુરીજીએ પ્રજ્જ્વલિત અગ્નિ સમા જે પુરુષને આ બાબતમાં નિઃશંકચિત્તે સંપૂર્ણ સ્વાધીનતા આપેલ, તેમને જ સ્નેહપરાયણ બ્રાહ્મણી પોતાની દેખરેખમાં રાખી તેમની રક્ષા કરવા તૈયાર થયાં. તેઓ સમજી ન શક્યાં કે આ વૃથા પ્રયત્નમાં તેઓ જ બળી મરશે. તેઓએ જોવા છતાં પણ ન જોયું કે કિશોરી શારદાદેવી ક્રમે ક્રમે શ્રી રામકૃષ્ણની સાધનાની ઉત્તરાધિકારિણી તરીકે જગતમાં માતૃત્વના મહિમાનો પ્રચાર કરવા માટે તૈયાર થઇ રહ્યાં છે. અને લીલામય શ્રી રામકૃષ્ણ પણ તે સમજીને સહધર્મિણીને તે મુજબ તૈયાર કરી રહ્યા છે. આ ઉચ્ચ ભાવ અંતરમાં ન આવવાથી ભૈરવી પોતે મર્મપીડા ભોગવવા લાગ્યાં. અને બીજાઓને પણ પીડા આપવા લાગ્યાં. પાછળથી તેઓ પોતાનો દોષ સમજી શક્યાં ત્યારે ઠાકુર પાસે ક્ષમા માગી અને તેમની અનુમતિ લઈને કાશી ચાલ્યાં ગયાં. આ પછીથી ભૈરવી સાથે માતાજીની લીલાનો કોઇ સંબંધ ન રહ્યો.

* * *

(૨)

શ્રી રામકૃષ્ણદેવ પાસે ભક્તો આવવા લાગ્યા તે અગાઉ તેઓ પોતે જ ઠાકુરના ઓરડામાં જમવાનું લઇ જતાં. પણ ઠાકુર પ્રત્યે અપાર ભક્તિ ધરાવતાં ગુલાબમાના આવ્યા પછી એક વાર ઠાકુરે તેમને એ કામ કરવાનું કહ્યું. ત્યારથી માતાજી દરરોજ ગુલાબમાના હાથે જ થાળી મોકલતાં થયાં. અગાઉ મા ઠાકુરને



માટે ભોજન લઇ જતાં તેથી આખા દિવસમાં ઓછામાં ઓછાં એક વખત તો માતાજી ઠાકુરનાં દર્શન કરી શકતાં. પરંતુ આ વ્યવસ્થાને લીધે એ પણ બંધ થઇ ગયું.

રાતના ઠાકુરને જમાડીને પછી પણ ગુલાબમા ઘણો વખત એમની પાસે ગાળતાં. કોઇક વાર તો રાતના દસ વાગ્યે નોબતખાનાની ઓરડીમાં પાછાં ફરતાં. આથી માતાજીને બહુ જ અગવડ પડતી, કારણ કે ત્યાં સુધી ભાતની થાળી લઇ એમને વરંડામાં બેસી રહેવું પડતું.

એક દિવસ ઠાકુરે માતાજીને બોલતાં સાંભળ્યાં કે, "ખાવાનું કૂતરાં બિલાડાં ખાઇ જાય તો ખાવા દો, હું હવે સંભાળી નહિ શકું." માતાજીને પડતી અગવડ સમજીને ઠાકુરે ગુલાબમાને આ બાબતમાં સચેત કર્યાં પરંતુ પોતાની વિચારધારા પ્રમાણે જ ચાલતાં ગુલાબમાએ તો કહ્યું, "ના, મા તો મને બહુ જ પ્રેમ કરે છે. પોતાની દીકરીની માફક મને નામ દઈને જ બોલાવે છે." એટલે આવા સ્વભાવનાં ગુલાબમાને માતાજીનું દુઃખ સમજતાં ને ઠાકુરને જમાડવાનું કામ પાછું તેમના હાથમાં સોંપતાં લગભગ બે મહિના વીતી ગયા. આટલા લાંબા ગાળા સુધી માતાજીએ મૂંગે મોઢે આ યાતના સહન કરી, ને દૂરથી જ દર્શન કરી સંતોષ માન્યો.

* * *

(૩)

આ અલૌકિક, કોઇ પણ પ્રકારના સાંસારિક સંબંધ વિનાની માતાજીની સેવાનું તાત્પર્ય બધાં સમજી નહોતાં શકતાં, એટલું જ નહિ, પણ સંસારીઓના મનમાં ઘણી વાર ઈર્ષા ઉત્પન્ન થતી ને એમની ટીકાઓ પણ કોઇક વાર માતાજીને કાને પહોંચતી.

એક દિવસ એક સ્ત્રીએ માતાજીને સ્પષ્ટ રીતે કહી સંભળાવ્યું, "તમે શા માટે ઠાકુર પાસે જાઓ છો?" નિર્દોષ હૃદયનાં માતાજી સામાના શબ્દો સરળ ભાવથી લેતાં, ઉપરાંત તેઓ હંમેશાં સંભાળ રાખતાં કે તેમના વ્યવહારથી રખેને બીજાના મનને દુ:ખ થાય. બીજાનું હિત કરવું એ માતાજીના જીવનનું વ્રત હતું અને તેને કારણે ઘણી વખત પોતાને અસહ્ય દુ:ખ સહન કરવું પડે તોપણ તેઓ તે સ્વેચ્છાથી સ્વીકારતાં.

અહીં આ સ્ત્રીની વાત ઉપરથી તેઓ સમજી ગયાં કે શ્રી રામકૃષ્ણની સેવાની તક ન મળવાથી આ સ્ત્રીને દુ:ખ થાય છે. એટલે થોડા દિવસ સુધી એ કામ કરવાનું એમણે છોડી દીધું. એને પરિણામે આખા દિવસમાં જ્યારે ઠાકુર સરુની ઝાડીમાં જંગલ જતા ત્યારે જ માતાજીને દૂરથી એમનાં દર્શન મળતાં, ઘણી વાર એ સૌભાગ્ય પણ એમને મળતું નહિ.

મા શારદા નોબતખાનાની નીચલી ઓરડીમાં રહેતાં ને સીડી નીચે રસોઈ કરતાં. દિવસ દરમિયાન બહાર આવતાં નહોતાં. પરોઢિયે ચાર વાગતા પહેલાં શૌચ–સ્નાન પતાવીને માતાજી ધ્યાનમાં બેસતાં. પછી બીજું કામકાજ કરી પૂજા કરવા બેસતાં. પૂજા, જપ, ધ્યાન, બધું કરતાં લગભગ દોઢ કલાક થતો. પછી સીડી નીચે રાંધવા બેસતાં. રસોઈ કરી લઈને ઠાકુર સ્નાન કરવા બેસે તે પહેલાં એમના શરીર ઉપર તેલ ચોળી આપતાં. ઠાકુર લગભગ સાડા દસથી અગિયારની વચ્ચે ભોજન કરવા બેસતા. તે પહેલાં જ્યારે તેઓ નાહવા જતા ત્યારે મા જલદી જલદી આવીને પાન બનાવી લેતાં ને ઠાકુર ક્યારે પાછા ફરે છે તે તરફ નજર રાખતાં. ઠાકુર આવતાવેંત જ મા ભોજન માટે આસન પાથરી આપીને પાણીનો પ્યાલો મૂકતાં. ઠાકુરને ભોજન માટે બેસાડીને જાત જાતની વાતો કરી તેમના મનને રોકી રાખવાનો પ્રયાસ



કરતાં, જેથી ભોજન વખતે ભાવસમાધિ થઈ આવીને જમવામાં અડચણ ઊભી ન કરે. માતાજી સિવાય આમ ભોજન સમયે એમના મનને ભાવસમાધિમાંથી રોકી રાખવાનું બીજા કોઈથી ન બનતું. ઠાકુરનું ભોજન પૂરું થયા પછી માતાજી પોતે થોડુંક અમસ્તું ખાઈ લેતાં. પછી પાન બનાવતાં. તેઓ ધીમે અવાજે ભજન ગાતાં ને તકેદારી રાખતાં કે કોઈ તેમને સાંભળે નહિ. બપોરે એક વાગ્યે મિલનું ભૂંગળું વાગતું ત્યારે પોતે ભોજન કરવા બેસતાં. આમ તેમનું ભોજન દોઢ–બે વાગ્યા પહેલાં કોઈ દિવસ થતું નહિ. જમ્યા બાદ જરાક વિશ્રામ કરી ત્રણ વાગ્યે પગથિયાં પર વાળ સૂકવવા બેસતાં. સાંજ માટે ફાનસોની દિવેટો સંકોરવી વગેરે પરચુરણ કામો કરી નોબતખાનામાં સંઘરેલા થોડાક પાણીમાં પોતે હાથ–મોં ધોઈ કપડાં ધોઈ લેતાં. સંધ્યા પહેલાં અગરબત્તી પેટાવી, ધૂપદીપ કરી ધ્યાનમાં બેસતાં અને રાતની રસોઈ કરી સૌના ભોજન કર્યા પછી પોતે જમીને સૂતાં. આમ સવારનાં ચાર વાગ્યાથી મોડી રાત સુધી મા કામમાં વ્યસ્ત રહેતાં.

એક વખત વહેલાં પરોઢિયે અંધારામાં નાહવા જતી વખતે એક મગર ઉપર તેમનો પગ પડતાં રહી ગયો. મગર પગથિયા ઉપર સૂતો હતો. માતાજીના પગનો અવાજ થતાં તે પાણીમાં કૂદી પડયો. ત્યારથી દીવો લીધા વગર તેઓ કોઈ દિવસ સ્નાન કરવા જતાં નહિ.

આવી ઘણી જાતની અગવડો ને કષ્ટો તરફ માતાજીનું મુદ્દલ લક્ષ્ય ન હતું. શ્રી રામકૃષ્ણદેવની સેવા માટે કોઈ પણ કષ્ટ તેમને કષ્ટ લાગતું જ નહિ. આખો દિવસ ક્યાંય આનદમાં પસાર થઈ જતો. માતાજીનું મન ઠાકુરમાં પરોવાયેલું હોવા છતાં ઘણો વખત એમને પતિનાં દર્શન સુદ્ધાં ન મળતાં. માતાજીએ ભક્તોને એક

વાર કહ્યું, "ઘણી વાર બે મહિનાના લાંબા ગાળામાં એક વાર પણ ઠાકુરનાં દર્શન નહોતાં મળતાં. હું મનને સમજાવતી કે મન, તેં એવું તે શું પુણ્ય કર્યું છે કે રોજ રોજ તને એમનાં દર્શન મળે? નોબતખાનાની ઓરડીની આસપાસનો વરંડો વાંસની ચટ્ટીથી ઘેરાયેલો હતો. તેની તિરાડમાંથી એમના ઓરડામાં થતું કીર્તન હું ઊભી ઊભી સાંભળતી. ઉભા રહેતાં રહેતાં પગમાં વાના સોજા ચઢી જતા."

ઠાકુરથી દૂર રહેવા છતાં માતાજીનું મન હંમેશાં તેમનામાં જ તન્મય હતું. ત્યારે ઠાકુરની પાસે કેટલાય ભક્તો આવતા. રાતદિન નૃત્ય, ભજન–કીર્તન, ભાવસમાધિ ચાલતાં. માતાજી આ બધું વાંસની ચટ્ટીનાં છિદ્રમાંથી જોતાં, સાંભળતાં ને વિચારતાં, "હું પણ આ ભક્તોમાંની એક હોત તો એમની પાસે રહી શકત, કેટલીય વાતો સાંભળી શકત." ઠાકુરની નજીક હોવા છતાં પણ તેમનાથી દૂર રહીને સુખેદુઃખે રંગાયેલ એ જીવનની બધી અગવડોને ભૂલીને માતાજીના હૃદયમાં માત્ર આ જ સ્મૃતિ હંમેશાં જાગી રહેતી. "હું કેટલા આનંદમાં રહેતી! કેટલા પ્રકારના લોકો એમની પાસે આવતા! દક્ષિણેશ્વરમાં જાણે કે આનંદનું બજાર ભરાતું."

(ઉપર જણાવેલાં પ્રસંગો ઉપરથી સમજી શકાશે કે પૂ. માતાજીનું જીવન કેટલું કષ્ટમય હતું! શ્રી રામકૃષ્ણદેવની તદ્દન સમીપ હોવા છતાં કોઇ કોઇ વખત ઘણા લાંબા સમયસુધી તેમને મળવાનું ન બનતું. ભક્તો જ્યારે ઠાકુરનાં સાન્નિધ્યનો લાભ લઇ ભક્તિરસમાં તરબોળ થઇ જતાં ત્યારે માતાજીને દૂરથી જ આ બધું વાંસની ચટ્ટીનાં છિદ્રમાંથી નિહાળી સંતોષ માનવો પડતો. આટલું કષ્ટમય જીવન હોવા છતાં તેમનું ચિત્ત સદા શ્રી ઠાકુર તરફ જ પરોવાયેલું રહેતું.) □



પત્રોની પરબ

# હિમાલયના હિમશિખરેથી

સુરેશભાઇ શાહ–ટોરન્ટો

## પત્ર–૬ : કોણ કોનું છે?

શ્રી અરવિંદને લખેલા પત્રની વિગત શ્રી નારાયણભાઇને આપતાં પૂ. શ્રી જણાવે છે કે, "મારે આત્મસાક્ષાત્કાર માટે જ પોંડીચેરી જવું છે. બનતી વહેલી તકે આત્મસાક્ષાત્કાર થાય એવી મારી ઇચ્છા છે. કોલેજના અભ્યાસમાં મને રસ નથી. પોતાની માતાની વાત કરતાં જણાવે છે કે અત્યારે તે સુખી છે. ઈશ્વરને સૌની ચિંતા છે. ખરી રીતે તો એજ સર્વની સંભાળ લે છે. એક માતાને માટે આપણે ક્યાં રોવું? જગતમાં હજારો માતાઓ છે જે ભૂખે ને દુઃખે ટળવળે છે, એમનાં આંસું શું આપણને નહીં સ્પર્શે? ને જગત શું છે? કોણ કોનું છે? આ માયા જ છે. આપણે એમ માનીએ છીએ કે આપણાથી અમુક વ્યક્તિ પોષાય છે પણ તે ભ્રમ જ છે, કેમકે ઈશ્વરની એ લીલા છે. એ બધું ઈશ્વર જ કરે છે.

ત્યાગી કે સંન્યાસી કેવળ વેષભૂષા બદલવાથી નથી થવાતું. તે માટે તો જીવનનું આમૂલ પરિવર્તન કરવું પડે. તેના સંદર્ભમાં પોતે જણાવે છે કે, "મને બહારના દેખાવની ચીડ છે, હું ગૃહસ્થાશ્રમને વખોડતો કે અવગણતો નથી. મને તેને માટે માન છે. પણ જીવનમાં જ્યારે આત્માનો અવાજ આવ્યો છે ત્યારે ચૂક્યા વિના ઉન્નત દિશાએ જવાની મારી અંતરેચ્છા છે. જે આપણી દિશા અને આપણો વિકાસ જાણતા નથી તેને આ બધું તરંગો જેવું જ લાગવાનું. પણ મને તેની દરકાર નથી.

## પત્ર–૭ : તમે પ્રભુના પુત્રો છો.

શ્રી અરવિંદને લખેલા પત્રનો જવાબ નહીં મળતાં પૂ. શ્રી ફરીથી શ્રી અરવિંદને પત્ર લખે છે અને ઈશ્વરનો સાક્ષાત્કાર જ પોતાના જીવનનું ધ્યેય અને લક્ષ્ય છે તે હકીકતને દોહરાવતાં જણાવે છે કે, "ઈશ્વર સિવાય જગતમાં મેળવવા જેવી બીજી કોઈ વસ્તુ જ નથી. ખરું કહીએ તો જગત એક ભૂલભુલામણી છે. કોક તેમાં આવીને પૈસા પાછળ પડે છે, ને કોક કીર્તિની જાળમાં જકડાય છે. કોક સ્ત્રી ને વૈભવ, કોક ભોગ કે વ્યવહાર ને કોક જ્ઞાન કે પ્રજ્ઞામાં ડૂબે છે. ઈશ્વરને સહુ કોઈ વિસરી જાય છે. મેં એ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો નિશ્ચય કર્યો છે. નિશ્ચય ઘણા વખતથી હતો, પણ હવે તો તેના દર્શન વિના બીજા દરેક કાર્યને હું બાજુએ મૂકવા માંગું છું. તેને મળ્યા વિના મને ચેન પડવાનું જ નથી. હમણાં દિવસો બહુ જ તાલાવેલીભર્યા જાય છે. જેને ઈશ્વરની પાછળ જવું છે તેને જંપવાનું હોય ખરું કે? ઈશ્વર એ કાંઈ બજારું વસ્તુ નથી. એને માટે મહાન ભોગ આપવો પડે છે. પણ તેમાં જ ખરી મજા છે. ધ્યાન ધરું છું તથા ખૂબ પ્રાર્થના કરું છું. ભણવાનું છોડી દેવાયું છે. ઈશ્વર આગળ 'ભાખરીના ભણતર'ની શી વિસાત હોય? માતા જ બધે આંખ આગળ આવે છે ને તેના વિના કોઈ વસ્તુ મારે મેળવવી નથી. બનતો સમય ધ્યાનમાં ને આરાધનામાં જ જાય છે. શ્રી અરવિંદની પાસે જવામાં મહાન હેતુ છે. પૉંડીચેરી જવાનું થશે. કેમકે ઈશ્વર હવે મારી પાસે આવવાનો છે."

•

સર્વધર્મો પ્રત્યે સદ્ભાવ ધરાવતાં પૂ. શ્રી જણાવે છે કે, "સર્વધર્મોને આ જ કહેવાનું છે કે ઈશ્વર કરતાં સત્ય અને મહાન એવી કોઈ વસ્તુ નથી. તે તમને જે પરિસ્થિતિમાં મૂકે તેમાં શ્વાસ લો ને તે પણ સંપૂર્ણ શાંતિથી લો. એમ જ માનો કે બધું સારું જ



થાય છે. તમારી આજની સ્થિતિ આવતી કાલની ભવ્યતા ને ઉન્નતિ માટે જ છે, એ કદી ના ભૂલો. ભલે તમારી પાસે પૈસા ના હોય, ભલે તમારે ખાવા માટે એક રોટલાનો ટુકડો ય ના હોય. આ સત્યને મનમાં ઘૂંટી દો. સુંદર સ્મિત સાથે એ પરિસ્થિતિને પસાર કરો. આવતી કાલ તમારી જ છે. ભલા, રાત તો કેટલોક કાળ રહી શકે? તમે નાના છો કે અશક્ત છો, દીન છો કે હીન છો, એવી ભાવના સ્વપ્ને પણ કરતા નહીં. કેમકે તમે મહાન છો, પ્રભુના પુત્રો, અરે, પ્રત્યક્ષ પ્રભુ જ છો. જો તમે એમ માનશો કે તમે નીચ છો તો તમારી ઉન્નતિ શક્ય જ નથી. સદા ધ્યાનમાં રાખો કે તમે પ્રકાશના પુત્રો, અરે, સ્વયં પ્રકાશ છો. તમે આનંદ છો, પૂર્ણ છો, મુક્ત છો. મૃત્યુને મારવા માટે તમે આ પૃથ્વી પર અવતાર લઈને આવ્યા છો, એ કદીય ના ભૂલો. સદા ધ્યાનમાં રાખો કે તમે એ પયગંબરોના પુત્રો છો જેમણે માનવતાની દયા માટે પોતાની જીંદગીને ધૂળ જેમ ગણી હતી. જેમણે દિવસ ને રાત, આંસુ ને સ્મિતની વચ્ચે, એક જ ધ્યેયની ઝંખનાથી પોતાની છાતીને ભરી દીધી હતી. જેઓ પોતે પવિત્ર થયા હતા ને પછી જ બીજામાં પવિત્રતા પ્રસારતા. તમે એ ભૂમિના પુત્રો છો જે ભૂમિ ઋષિઓની ને તપસ્વીઓની, ત્યાગીઓની ને દૈવી ગુણસંપન્ન મહર્ષિઓની છે. જે ભૂમિમાં પોતાના સુખ માટે બનતું છોડી દેવાય છે; ને આત્મપ્રતિ જવું એ જ મહત્ત્વનું લેખાય છે. આ બધું જાણીને ચાલવા માંડો. પ્રગતિને પંથે કૂચ કરવા માંડો. આજની સ્થિતિ સારી જ છે, બહુ જ સારી છે, ઈશ્વરે તે તમને ડહાપણ-પૂર્વક તમારા આવતી કાલના ઉત્કર્ષને લક્ષમાં રાખીને જ આપી છે, એ કદી ના ભૂલો. ઈશ્વર પર શ્રદ્ધા રાખો.

ભારત દેશની ભવ્યતાને બિરદાવતાં જણાવે છે કે, "ભારત એ એવો દેશ છે જેની અંતર ગાર્ગી ને મૈત્રેયી, સીતા ને સાવિત્રી

જેવી પુત્રીઓ ઉત્પન્ન થઈ છે. એમનાં જ નામ ભારત જાણે છે. ખરું કહીએ તો ભારતની સંસ્કૃતિ હજી એવી માતાઓથી જ ટકી રહી છે, કેમ કે એવી જ માતાઓએ વિવેકાનંદ ને રામકૃષ્ણ જેવા મહાત્માઓને અને ગાંધીજી જેવા મહાપુરુષોને જન્મ આપ્યો છે.

**પત્ર–૮ : સુવર્ણકાળની ઉષા પ્રકટી ચૂકી છે.**

ભારતની ભવ્યતા અને ઈશ્વર ઉપરની શ્રદ્ધાને દૃઢતાથી જણાવતાં પૂ. શ્રી કહે છે કે, "જ્યારે જ્યારે જગતમાં વેરઝેર વધ્યાં છે ને અધર્મને ઓથે અનેક જાતની જ્વાળાઓ ઉત્પન્ન થઈ છે, ત્યારે ત્યારે ભારતના ભવ્યભાલમાંથી એકાદ કિરણ છૂટયું છે. જગતને જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે ત્યારે ભારતે તેને જીવન આપ્યું છે. જ્યારે માનવતાનો છેક જ ધ્વંસ થયો છે ત્યારે ભારતના તપસ્વીનાં પગલાંથી પુનિત થયેલા પ્રદેશમાંથી એકાદ ધર્મમૂર્તિનો સ્વર બહાર આવ્યો છે. છેલ્લાં સો વર્ષનો આપણો ઈતિહાસ જોતાં જણાશે કે દયાનંદ, રામકૃષ્ણ, વિવેકાનંદ, રામતીર્થ ને તે પછી ગાંધીજી, અરવિંદ ને ટાગોર–એ મહાપુરુષોએ હિંદને ઉન્નત રાખવામાં ફાળો આપ્યો છે. આ બધા પરથી જણાય છે કે ભારતનું ભાવિ બહુ જ ઉજ્જ્વલ છે ને તેના સુવર્ણકાળની ઉષા પ્રગટી ચૂકી છે.

ઈ. સ. ૧૯૪૦ માં પૂ. શ્રીએ ભારત વિષેની કરેલી આગાહી કેટલી સાચી પડી! ભારતની સ્વતંત્રતાની ઘોષણા પરોક્ષ રીતે તેમણે કેવી સરસ અને સરળ રીતે કરી! દેશભક્તોની હરોળમાં પણ પોતે કેવા આત્મવિશ્વાસથી ઊભા રહ્યા!

**(૨) ધર્મનો સાર**

વળી સર્વધર્મોનો સાર સમજાવતાં જણાવે છે કે, "સર્વ-ધર્મોનો સાર એ જ છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, તિરસ્કાર, અશાંતિ, વાસના, ઈન્દ્રિયોની ગુલામી વગેરેમાંથી મુક્તિ મેળવવી



ને પ્રેમ, શાંતિ, દયા, પરોપકાર, અહિંસા, અભય વગેરેથી હૃદયને રંગી દેવાં. જેટલે અંશે આપણે એમ કરી શકીએ, તેટલે અંશે આપણે જીવ્યું સાર્થક કર્યું કહેવાય, એટલું આપણે કરી શકીએ, ને કોઈ પણ કરી શકે છે, તો આપણે મહાનમાં મહાન થઈ શકીએ, કેમકે મહાનપુરુષો બીજું કાંઈ નહિ પણ આમાંના એકાદ બે ગુણોના વિકસાવનાર જ હોય છે. દાખલા તરીકે ગાંધીજી સત્ય ને અહિંસાના પૂજારી છે. નેપોલિયન અભયનો પૂજારી હતો. સિકંદર સાહસનો. ઈશુ એ દયા અને ક્ષમાની પ્રત્યક્ષ પ્રતિમા હતી, ને એવી જ રીતે બુદ્ધ એ ત્યાગનું ઉદાહરણ અથવા અનુકંપાના અવતાર હતા. એક ગુણના બળથી બીજા ગુણો આપોઆપ આવે છે ને વિકસે છે.

સામાજીક જીવન ઉપર પાશ્ચાત્ય જીવનની અસર ભારતમાં થવા માંડી છે તેનો ઉલ્લેખ કરતાં પૂ. શ્રી જણાવે છે કે, "સામાજીક સુધારો, કેળવણી, ચારિત્ર્ય, દરેક બાબતમાં આપણે પાશ્ચાત્ય પવનથી રંગાવા માંડયા છીએ. આના જેવું ખરાબ કંઈ નથી. આપણે સત્વર શરીરને સુધારવું જોઈએ, ઋષિનું જ્ઞાન લેવું જોઈએ, હૃદયના ગુણ ખીલવવા જોઈએ. તો જ આપણે સાચા સ્વદેશી કહેવાઈશું. હિંદની ભૂમિ પર જન્મ લઈને જે પોતાનું જીવન વ્યર્થ વિવાદ, ખાવું, પીવું ને મરવું તથા ઈન્દ્રિયોના વિલાસો પાછળ જ ગાળે છે, તેના જેવો અધમ કે મૂર્ખ બીજો કોઈ નથી. આ બધું જલ્દી "સમજાય તેમ સારું. હજી ઘણા આ સમજતા જ નથી. આપણે ક્યાં સુધી ઊંઘીશું?

(ક્રમશઃ)

## * ભક્તિની મહત્તા *

( હરિ ગીત )

સાકાર નિરાકારની વાતો મહીં પડવું નથી;
ને વ્યર્થ તીરથધામમાં મારે હવે ફરવું નથી.

જ્ઞાનને વિજ્ઞાનનું તો કર્યું વલોણું મેં ઘણું;
એ વલોણામાં મને માખણ મળ્યું 'ભક્તિ' તણું.

આનંદનો અનુરાગનો મારગ મળ્યો મને મોકળો;
સ્મરણ–કીર્તનનો મળ્યો પ્રતિસાદ મુજને રોકડો.

બંધન નથી ભક્તિ મહીં ધન વિદ્યા જાતિ કુળ તણું;
શુભકર્મમાં પ્રેરે હરે એ પાપ પાપીઓ તણું.

તપ જ્ઞાનયોગે ના ફળે તે ભક્તિથી સ્હેજે ફળે;
તન્મય બની અનુરાગથી ઈશને વળી વશમાં કરે.

જ્યમ્ દાનહીન વૈભવ અને વૈરાગ્યહીન સંન્યાસ હો,
ત્યમ્ ભક્તિહીન જીવન અમૂલ્ય જીવવું પણ વ્યર્થ હો.

તલ્લીનતા વ્યાકુળતાને વિરહ કેરી વેદના;
નર ને નારાયણ તણો સ્હેજે રહેશે ભેદના.
(વિઠ્ઠલ ને વિઠ્ઠલનાથનો સ્હેજે રહેશે ભેદ ના.)

— વિઠ્ઠલભાઈ મકવાણા (રસાબ્ધિ)

## * त्येपि यान्ति परां गतिम् *

સ્ત્રી, વૈશ્ય ને શૂદ્ર પણ ગીતાની દૃષ્ટિએ તુચ્છ માનવા-યોગ્ય નથી. તેમને ગીતા વિકાસની બધી જ સ્વતંત્રતા આપે છે, ને હીન કે દીન માનવાની મનોવૃત્તિનો વિરોધ કરે છે. આ સંસારમાં જીવમાત્ર ઈશ્વરનાં સંતાન હોઈને સમાન છે : કોઈ હીન કે દીન નથી : ઈશ્વરના દરબારમાં સૌને સરખું સ્થાન ને માન છે : જીવનનો વિકાસ સ્ત્રી, વૈશ્ય ને શૂદ્ર પણ કરી શકે છે માટે તેમને નીચ, સાધારણ શક્તિનાં કે પંગુ માનવાની વૃત્તિ ભૂલભરેલી છે એ ગીતાની આજ્ઞા છે. ગીતાની એ આજ્ઞા પ્રમાણે પ્રાચીન ભારતમાં સ્ત્રીને ધર્મકાર્યો ને સંસારિક કાર્યો કરવાનો પુરુષ જેટલો જ હક હતો ને જીવનનાં ઉચ્ચોચ્ચ ક્ષેત્રોમાં સ્ત્રીઓ આગળપડતો ભાગ લેતી. ગાર્ગી ને મૈત્રેયી, શબરી ને ભારતી જેવી સ્ત્રીઓ આજે પણ વંદ્ય ગણાય છે. અહલ્યા ને સીતા તથા અરૂંધતી ને અનસૂયા તથા સાવિત્રી જેવી સ્ત્રીઓ ખૂબ જ શક્તિસંપન્ન ને ઋષિમુનિઓની હરોળમાં બેસનારી હતી. આજે ધર્મધુરંધર ગણાતા પુરુષો દ્વારા પણ સ્ત્રીજાતિને માટે કેટલાક ખોટા ખ્યાલો ફેલાવવામાં આવે છે ને કહેવામાં આવે છે કે સ્ત્રીથી કેટલાંક અનુષ્ઠાનો થઈ શકે નહિ. પણ તે યોગ્ય નથી. સ્ત્રી પોતાની અનુકૂળતા પ્રમાણે પુરુષની જેમ બધા જ પ્રકારનાં ધર્માનુષ્ઠાન કરી શકે છે : વૈશ્ય તથા શૂદ્ર પણ ઈશ્વરનું શરણ લઈને પરમ ગતિ કે મુક્તિને મેળવી શકે છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# ઈશ્વરનો ઈન્કાર એટલે પોતાના અસ્તિત્વનો ઈન્કાર

સંસાર, શરીર તથા જીવનના રહસ્યની શોધ કરતાં કરતાં માણસે ઈશ્વરની અનુભૂતિ કરી છે. ઈશ્વરમાંથી જ આ સર્જન ઉત્પન્ન થાય છે, ઈશ્વરમાં જ અસ્તિત્વ ધરાવે છે, ને છેવટે ઈશ્વરમાં જ વિલીન થાય છે. ગીતા કહે છે ને મહાન અનુભવસંપન્ન જ્ઞાનીઓ તેમાં સૂર પુરાવે છે કે ઈશ્વર કાંઈ દૂર નથી. ઈશ્વર માણસની નજીકમાં નજીક—તેના અંતરના અંતરતમમાં છે. પણ તેને ભાગ્યે જ કોઈ ઓળખે છે કે ઓળખવાનો પ્રયાસ કરે છે. તેને ઓળખવાનું કામ કઠિન પણ છે. નજીકમાં નજીક બેઠેલા સ્વજનને પણ જેમ કોઈ અંધ માણસ દેખી શકે નહિ તેમ જેનાં વિવેકરૂપી ચક્ષુ ફૂટી ગયાં છે ને જે દુર્ગુણ ને વાસના તથા મન ને ઈન્દ્રિયોનો દાસ છે તે પાસેમાં પાસે રહેલા ઈશ્વરને પણ ઓળખી શકતો નથી. આથી પણ વધારે અચરજની વાત તો એ છે કે એક બાજુ ગીતા ને તેનાં પુરોગામી શાસ્ત્રો તથા સંસારના ઈશુ, મહમ્મદ ને જરથુસ્ત્ર જેવા મહાપુરુષો ઈશ્વર છે એમ ભારપૂર્વક જાહેર કરે છે ને તેમાંના કેટલાંક શાસ્ત્રો ઈશ્વર વિના બીજું કૈં જ નથી એમ પોકારીપોકારીને કહે છે ને શંકરાચાર્યની ભાષામાં વેદાંત પણ આજ ડિંડિમ વગાડે છે ત્યારે બીજી બાજુ કેટલાક લોકો ઈશ્વરમાં શંકા વ્યક્ત કરીને ઈશ્વરનો ઈનકાર કરે છે. આ તો પોતાની જ જાતનો ઈનકાર કરવા જેવું થયું.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧